# વિભાગ-2

# 1965 થી રજાઓને લગતા ઠરાવો અને પરિપત્રોનું સંકલન

## 1. રેડક્રોસ ટ્રેનિંગ કેમ્પના સમયગાળાને ફરજનો ભાગ ગણવા અંગે

શિક્ષણ અને મજૂર ખાતું, ઠરાવક્રમાંક : એસએસએન/3465-ગ,
જુનિયર રેડક્રોસ ટ્રેનિંગ કેમ્પ, સચિવાલય, અમદાવાદ-380 015, તા. 22-12-'65

*વંચાણમાં લીધો : શિક્ષણ અને મજૂર ખાતાનો ઠરાવક્રમાંક : એસએસએન-3465-ગ, તા. 12-10-'65.*

ઠરાવ :

આ ખાતાના ઠરાવક્રમાંક : એસએસએન-3465-ગ, તા. 12-10-'65ના અનુસંધાનમાં આથી ઠરાવવામાં આવે છે કે રાજ્યના કોઈપણ સ્થળે જ્યારે રેડક્રોસ ટ્રેનિંગ કેમ્પમાં માધ્યમિક શાળાના શિક્ષકો, કોલેજના વ્યાખ્યાતાઓ, પ્રાધ્યાપકો તાલીમ માટે ભાગ લે ત્યારે તાલીમ દરમિયાન તેઓને B.C.S.R. નિયમ 74 મુજબ ફરજ ઉપર હાજર ગણવા.

(2) ટ્રેનિંગ અંગેનો ખર્ચ, મુસાફરીખર્ચ અને ભથ્થાનો ખર્ચ તાલીમીઓને જુનિયર રેડક્રોસ સોસાયટી તરફથી જુનિયર રેડક્રોસ સોસાયટી ફંડમાંથી આપવામાં આવશે.

(3) માધ્યમિક શાળાઓને અને કોલેજોને રૂ. 6 સભ્ય ફી આપી જુનિયર રેડક્રોસ સોસાયટીના સભ્ય બનવા વિનંતી કરવામાં આવશે અને તે અંગેનો ખર્ચ અનુદાનપાત્ર ગણવામાં આવશે.

(4) પ્રાથમિક શાળાઓ માટે જુનિયર રેડક્રોસ સોસાયટીની સભ્યપદ ફી નગરપાલિકાઓ, પંચાયતો પાસેથી એકઠી કરવી અને તે ખર્ચ સરકારશ્રી ભોગવશે.

(5) પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ અને કોલેજો જે જુનિયર રેડક્રોસ સોસાયટીના સભ્ય હશે તેવી જ સંસ્થાઓને વિદ્યાર્થીદીઠ માસિક પાંચ પૈસા ઉઘરાવવાની આથી પરવાનગી આપવામાં આવે છે. આ રીતે ઉઘરાવવામાં આવેલ રકમ પ્રાથમિક સારવારનાં સાધનો, કેમ્પખર્ચ અને ઇન્ડિયન જુનિયર અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીના મેગેઝિનના લવાજમ માટે જ વાપરવી.

(6) શિક્ષણસંચાલક, અમદાવાદને ઉપરોક્ત ફેરફારની લાગતાવળગતાને જાણ કરવા વિનંતી કરવામાં આવે છે.

(7) આ હુકમ નાણાં સલાહકારની તા. 13-12-'65ની સંમતિ મળ્યેથી આ ખાતાની ફાઇલ ક્રમાંક : એસએસએન-3465-85451/84453-ગ, ઉપર કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, જી. કે. સૈયદ
ઉપસચિવ, શિક્ષણ અને મજૂર વિભાગ

* * *

## 2. સમગ્ર પેન્શનેબલ નોકરી દરમિયાન વધુમાં વધુ 3 વર્ષ સુધી અસાધારણ રજા અંગે

GRFD No. : 1066/4464-J, Dt. 24-2-'66

With a view to simplification of the pension rules, as to extending pensionery benefit to purely temporary employees, who may retire from government service without confirmation in any permanent office, government is pleased to direct that the Revised Pension Rules of 1950 shall be further liberalised to the extent indicated below :

(1) All service whether temporary or permanent, interrupted or continuous shall be treated as qualifying service, the periods or breaks shall be omitted while working out aggregate service.

(2) Extra Ordinary Leave shall also be counted towards service qualifying for pension.

(3) The 'Pay' : officiating or substantive including special pay, pay in respect of a tenure post actually drawn during the last 36 months shall be treated as pensionable pay.

(4) The pension papers of a gazetted government servant shall be prepared by the AG Gujarat with effect from 1-4-'66.

(5) The sanctioning authority shall sanction in the case of a non-gazatted government servant, provisional pension upto 75 percent of the pension worked out by him. The sanctioning authority should communicate the order to the treasury officer concerned, who shall act without obtaining further authority of the AG. A copy of such order shall also be endorsed to the (AG Pension Branch). The AG will issue suitable instruction to the treasury officers, for proper implementation of the orders from the audit point of view. This procedure shall be effective from the Dt. 1-7-'66.

(6) With a view to ensuring that the concession sanctioned in clause (2) above is availed of justifiably, it has been directed to lay down the following restrictions :

(a) The total period of EOL should be limited to 36 months in all.

(b) The maximum duration of continuous absence, from duty at any time with or without leave, should be reduced to two years.

(c) The power to sanction EOL, beyond a period of four months at a time, shall be reserved with government, in all cases of government employees, whether permanent or temporary.

2. The orders contained in clauses (1), (2), (3) and (6) above, shall be applicable to government servant retiring from service on or after Dt. 1-4-'66.

3. Necessary amendments to the BCSRs 1959 are being issued.

*નોંધ : પેન્શનયોજનાના સંદર્ભમાં છાપેલ છે.*

* * *

### 3. કર્મચારીઓને 9 મહિના સુધીની અસાધારણ રજા સરકાર દ્વારા મંજૂર કરવા અંગે

GRFD No. PEN-1066-UO-2631-J, Dt. 30-4-'70

Under the provisions contained in sub-para 6[c] of para 1 of GRFD No. PEN-1066/4464-J, dt. 24-2-'66 powers to sanction EOL beyond a period of four months at a time have been reserved with government, in all cases of government employees whether permanent or temporary. The question increasing the powers of competent authorities to sanction EOL beyond the period of four months, was engaging the attention of government for some time past. Government after careful consideration, is pleased to direct that the power to sanction EOL beyond a peoriod of nine months at a time, shall be reserved with government in all cases of government employees where permanent or temporary.

The competent authorities are requested to finalies the pending leave application in light of the above decision.

*નોંધ : પેન્શનયોજનાના લાભના સંદર્ભમાં છાપવામાં આવેલ છે.*

* * *

## 4. અખિલ ભારતીય હિન્દી સંઘ દ્વારા યોજાતી શિબિર, તાલીમવર્ગ વગેરેની હાજરીને ફરજનો ભાગ ગણવા અંગે

શિક્ષણ વિભાગ, પરિપત્રક્રમાંક : હશપ્ર/1671-19729-ધ
સચિવાલય, ગાંધીનગર, તા. 30-3-'72

**પરિપત્ર :**

જે હિન્દીપ્રચારની સંસ્થાઓ અખિલ ભારતીય હિન્દી સંઘની સાથે જોડાયેલ હોય અને હિન્દી પ્રચાર અંગે સંમેલન, તાલીમવર્ગ અગર ટૂંકી શિબિર યોજવામાં આવે તેમાં આવી સંસ્થાના શિક્ષકને હાજરી આપવાની જરૂર હોય તેવા શિક્ષકને તેઓ જે શૈક્ષણિક સંસ્થામાં નોકરી કરતાં હોય તેના સંચાલકમંડળે કે પ્રાથમિક શિક્ષણ સમિતિએ હિન્દી પ્રચાર સંસ્થા દ્વારા યોજિત તાલીમવર્ગ સંમેલનમાં કેલેન્ડરવર્ષમાં વધુમાં વધુ ચાર દિવસ હાજરી આપવાની મંજૂરી આપી શકે છે. આવા શિક્ષકોને તેમની સંસ્થામાં ગેરહાજરીને ફરજ ઉપર ગણવા માટેની મંજૂરી આપવામાં આવે છે.

2. ગુજરાત રાજ્યના શિક્ષણ નિયામકશ્રીએ આ હુકમની જાણ તમામ સંબંધિતોને કરવી.

3. આ પરિપત્ર આ વિભાગની ફાઈલ નંબર : હશપ્ર-1671-19729-ધ પર સામાન્ય વહીવટી વિભાગ, તા. 25-3-'72ના રોજ તેમની સંમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, છો. અં. રાવલ
સેક્શન ઓફિસર, શિક્ષણ અને મજૂર વિભાગ

❋ ❋ ❋

## 5. જિલ્લા કક્ષાના માન્ય માધ્યમિક શાળાના શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક મંડળો, સંઘોના હોદ્દેદારોને ખાસ પ્રાસંગિક રજા આપવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ અને મજૂર વિભાગ, ઠરાવક્રમાંક : એસએસએન/3473/60327-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 3-10-'73

**ઠરાવ :**

માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓના માન્ય જિલ્લા કક્ષાના સંઘોના હોદ્દેદારોને કેલેન્ડર વર્ષ દરમિયાન રાષ્ટ્રીય કે રાજ્ય કે જિલ્લા કક્ષાએ સેમિનાર (પરિષદ) તેમ જ સંઘને લગતી બેઠકો (પરિષદો) અને બીજી પ્રવૃત્તિઓમાં હાજરી આપવા કેલેન્ડરવર્ષમાં વધુમાં વધુ 10 દિવસની ખાસ પ્રાસંગિક રજાઓ નીચે દર્શાવેલ સત્તાને આધીન રહીને મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે. આ પ્રકારની રજાઓ જે-તે શિક્ષક/કર્મચારીને તેની સામાન્ય પ્રાસંગિક રજા મંજૂર કરવાની સત્તા ધરાવતા શાળાના આચાર્યશ્રી અથવા સંચાલકમંડળે મંજૂર કરવી, જો મતભેદ પડે તો જે-તે જિલ્લાના શિક્ષણાધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે.

(1) આ પ્રકારની ખાસ રજા શિક્ષણ નિયામકશ્રીએ આ વિભાગના તા. 20-12-'66ના ઠરાવક્રમાંક: એસએસએન-1865-ગ હેઠળ અને તા. 5-10-'67ના ઠરાવક્રમાંક : એસએસએન-1865-ગ હેઠળ બિનસરકારી માધ્યમિક શાળાઓના સંઘોને માન્યતા આપવાના સરકારે મંજૂર કરેલા નિયમો મુજબની કાર્યવાહી કરીને તે હેઠળ માન્ય કરેલા જિલ્લા કક્ષાના હોદ્દેદારોને મળવાપાત્ર થશે.

(2) કોઈપણ હોદ્દેદારોને એકીસાથે જુદાં જુદાં માન્ય મંડળો/સંઘોમાં એક કરતાં વધુ હોદ્દા પર હોય છતાં પણ તે આખા અંગ્રેજી વર્ષમાં 10 દિવસથી વધુ ખાસ પ્રાસંગિક રજા તેમને મળી શકશે નહિ.

(3) કોઈપણ હોદ્દેદારોને જે-તે વર્ગના કર્મચારીઓની નોકરી અંગેની ચર્ચા કરવા માટે મળતી રાજ્ય કે જિલ્લા કક્ષાના સેમિનાર/કોન્ફરન્સમાં હાજરી આપવા માટે ખાસ પ્રકારની રજા આપવામાં આવશે નહિ. પરંતુ તે કોન્ફરન્સ કે સેમિનાર માત્ર શૈક્ષણિક હેતુ માટે હશે તો ખાસ પ્રકારની રજા મંજૂર કરવામાં આવશે.

(4) શિક્ષણ નિયામકશ્રી, અમદાવાદના હુકમની જાણ તમામ સંબંધિતોને કરવા વિનંતી કરવામાં આવે છે.

(5) આ હુકમ આ વિભાગની ફાઇલ નં. : એસએસએન-3473-60327-ગ પર સામાન્ય વહીવટ વિભાગની સંમતિ તા. 14-8-'73ના રોજ તથા નાણાં વિભાગની તા. 5-9-'73ના રોજ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મો. લ. પંડ્યા

સેક્શન ઓફિસર, શિક્ષણ અને મજૂર વિભાગ

❋ ❋ ❋

## 6. અર્ધપગારી રજાનો પગાર આપવા અંગે

GRFD No. : PCR-6175-5-M, dt. 25-4-'75

The recommendations made by the Gujarat State Second Pay Commission relating to leave entitlement of government servant have been, considered by government, is pleased to direct that existing provisions of Leave contained in revised Leave Rules 1975 shall be revised as indicated below :

[iii] proviso to Sub-rule 3 of 14 of Revised Leave Rules 1975, provides that the amount of HPL salary should not exceed Rs. 750 p.m. unless the leave is on medical certificate or for pursuing an approved course of study otherwise that on Study Leave Terms.

This proviso is deleted

[iv] HPL upto a maximum of 180 days should be allowed to be commuted during the entire service where such leave is utilised for an approved course of study i.e. a course which is certified to be in the public interest by the leave sanctioning authority.

[v] The limit of 240 days of commuted leave during the entire service, envisaged in rule 10 [c][i] of the Revised Leave Rules 1975, should be dispensed with.

[vi] in case a government servant dies in harness, the cash equivalent of the leave salary that the deceased employee would have got; had he gone on earned leave, but for death, due and admissible on the date immediately following the date of his death subject to a maxmum of leave salary for 120 days, shall be paid to his family.

2. The existing rules governing leave to government servent as embodided in BCSRs and various orders issued from time to time shall continue to apply, to the extent, they are not repugnant to above orders.

3. These orders shall be made effective from 1-4-'75.

4. Necessary amendements to BCSRs will be issued in due course.

❋ ❋ ❋

## 7. એક બિનસરકારી શાળામાંથી બીજી બિનસરકારી શાળામાં જોડાતા કર્મચારીઓની અગાઉની શાળામાં જમા થયેલ હક્કરજા બીજી શાળાના હક્કરજાના હિસાબમાં આગળ જમા આપવા અંગે

Education and Labour Department, Circular No. : SSN-5075-34851-J,
Sachivalaya, Gandhinagar, Dt. 6-5-'75

**Circular :**

Attention of all concerned is invited to the provisions contained in Regulation No. 30 of Secondary Education Regulations, 1974, published in Government notification,

Education and Labour Department No. : GH-SH-30/SEA/1073 11999-G, Dt. 16-3-'74, which inter alia provides that earned leave shall be granted, subject to a maximum of 180 days to the members of teaching and non-teaching staff of the non-Government Secondary Schools in a State. A question has been raised whether the leave at the credit of such staff can be allowed to be carried forward within the stipulated limit laid down in the aforesaid regulation even if a person concerned leaves one non-Government secondary school and joins another such school, as it happens in the case of the persons employed in the Government school. This question has been considered by Government and it appears that according to the existing orders of Person/D.C.R.G. and protection of pay in respect of staff of the non-government secondary school, the service rendered by such staff in one school counts for the purposes of pension and pay in another school subject to certain conditions. In view of this provision, there is no objection to allow such teacher to carry forward the balance of leave at his credit in the manner aforesaid. Government is therefore, pleased to clarify for the information of all concerned that the leave admissible and due to the staff of non-government secondary schools should be allowed to be carried forward to the extent the earlier service counts for pension and pay and also subject to the maximum limit of 180 days as prescribed in the Regulation No. 30 of the Secondary Education Regulations, 1974 referred to above.

(2) The Director of Education is requested to bring these orders to the notice of all concerned.

(3) This issues with the concurrence of Finance Department Dt. 16-4-'75 on this department file of even number.

By order and in the name of the Governor of Gujarat,

Sd/ M. L. Pandya

Section Officer, E. & L. Dept.

* * *

## 8. રજાપગારમાં મોંઘવારી-ભથ્થું અને સ્થાનિક વળતર-ભથ્થું આપવા અંગે

GRFD No. : PCR-6175/31-M, dt. 24-11-'75

While implementing the orders contained in the GRFD No. PCR - 6175M, Dt. 25-4-'75 (પરિપત્ર-6) certain points had been raised for clarification of for government orders. The points raised and clarification/government orders thereon are as follows :

**Point 1 :** Whether the cash equivalent of leave salary admissible to the family of the deceased government employee in accordance with the provision of the GRFD No. PCR-6175/m, Dt. 25-4-'75 (પરિપત્ર-16) should include dearness allowance. It may also be carified whether any other allowances are also to be included.

**Clarifiaction :** The cash equivalent of leave salary admissible to the family of the deceased government employees should include dearness allowance as well as CLA.

**Point 2 :** Whether the 'Family' for purpose of disbursement of cash equivalent of leave salary to the family of a deceased govt. servant carries the same meaning as contained in rule 9[18] of the BCSRs Vol. 1.

**Clarification :** The term 'Family' for the purpose of disbursement of cash equivalent of leave salary to the family of a deceased government servant carries the same meaning as contained in rule 9(18) of BCSRs Vol-1.

**Point 3 :** Whether the cash equivalent of leave salary should be subject to a reduction on account of pension equivalent of Death-cum-retirement Gratuity.

**Clarification :** The cash equivalent of leave salary is not subject to a reduction on account of pension equivalent of Death cum-retirement Gratuity.

**Point 4 :** Whether the orders contained in para [i] of the GRFD No. : PCR-6175/M, dt. 25-4-'75 *(પરિપત્ર-6)* are applicable in respect of duly commencing from 1-4-'75 and those contained in para 1[ii] of the said GR are applicabel in respect of cases where leave commenced after 1-4-'75.

**Clarification :** The orders contained in para 1[i] of the GRFD No. PCR-6175/2. M, dt. 25-4-'75 *(પરિપત્ર-16)* are applicable in respect of duty commencing from 1-4-'75 and those contained in para 1[ii] are applicable in respect of cases where commences from or after 1-4-'75.

* * *

## 9. પુરુષ-નસબંધી ઓપરેશન માટે બિનસરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓને ખાસ રજા આપવા અંગે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : બ-1-માશિબો-રજા 2689-63-18334-58,
સેક્ટર-9, બ્લોક 18, ગાંધીનગર, તા. 5-3-'76

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
પાટણ, જિ. મહેસાણા.

*સંદર્ભ : આપનો તા. 5-2-'76નો પત્રક્રમાંક : મા-3-1503.*

ઉપરોક્ત વિષય અને સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે આ બાબત બોર્ડની તા. 20-2-'76ની કારોબારી સમિતિની બેઠક સમક્ષ રજૂ કરતાં નીચે દર્શાવ્યા પ્રમાણે ઠરાવ કરેલ છે. તો તે પ્રમાણેની જરૂરી કાર્યવાહી કરશો :

ઠરાવ નં. (12)

''પુરુષ-નસબંધી ઓપરેશન માટે સરકારી કર્મચારીઓને ખાસ રજાઓ અંગે જે સવલતો સરકારશ્રી દ્વારા આપવામાં આવતી હોય તે તમામ બિનસરકારી માધ્યમિક શાળાઓના કર્મચારીઓને પણ આપવાનું ઠરાવવામાં આવ્યું.''

સહી, સત્તાધિકારી
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

* * *

## 10. ગૃહરક્ષકદળ, અર્ધસરકારી સંસ્થાઓમાં બજાવેલ સેવાના સમયને ફરજનો ભાગ ગણવા અંગે

ગૃહ વિભાગ, પરિપત્રક્રમાંક : એસજીએસ-1066-19945-જી,
સચિવાલય, અમદાવાદ-380 015, તા. 18-7-'76

સરકારશ્રીના ધ્યાન ઉપર લાવવામાં આવ્યું છે કે અર્ધસરકારી, સહાયક તેમ જ ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓના કર્મચારીઓને ગૃહરક્ષકદળમાં જોડાવા માટે તેમના વિવિધ ઉપરી અધિકારીઓ તરફથી જોઈએ તેવી સગવડતા આપવામાં આવતી નથી. આ બાબતમાં ગૃહ વિભાગના સરકારી પરિપત્રો ક્રમાંક : 25295, તા. 27-1-'48; ક્રમાંક : એસજીએસ-1062-20605-જી, તા. 6-12-'63 તથા એચજીએસ-1065-19946-જી, તા. 24-6-'65થી આપવામાં આવેલી સૂચનાઓ પ્રત્યે તમામ ખાતાંઓના વડાઓનું ધ્યાન ફરી દોરવામાં આવે છે અને તેઓને વિનંતી કરવામાં આવે છે કે અર્ધસરકારી તેમ જ સહાયક ગ્રાન્ટ મેળવતી સંસ્થાઓની કચેરીઓના વડાઓને યોગ્ય સૂચના આપવામાં આવે છે કે તેમની નીચે કામ કરતાં કર્મચારીઓને ગૃહરક્ષક દળમાં જોડાવા માટે પૂરી સગવડ આપવામાં આવે, જ્યારે ગૃહરક્ષકદળમાં જોડાયેલ કર્મચારીઓને ગૃહરક્ષક

દળ અંગેની અગત્યની ફરજ ઉપર બોલાવવામાં આવે ત્યારે તેઓને પોતાની કચેરીની કામગીરીમાંથી મુક્ત કરવા અને ગૃહરક્ષકદળની ફરજ બજાવે તેટલા દિવસ/દિવસો સુધી તેમને લાગતીવળગતી કચેરીમાં હાજર રહેલા ગણવામાં આવે તેવી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવે તેવી પણ વિનંતી છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, ચં. મો. ભટ્ટ
ઉપસચિવ, ગૃહ વિભાગ

* * *

## 11. મરજિયાત રજાઓને રજાની આગળ કે પાછળ જોડવા અંગે

GCGAD No. : PHD-1076-CH, Dt. 5-11-'76

*Read : GAD Notification No. : GS 76/71 PHD-CH (iii), Dt. 16-10-'76.*

Under GAD Notification referred to above, optional holidays have been recognises for the year 1977. Various enquiries are being received by government in this department from different quarters as to whether optional holidays can be prefixed or suffixed with leave. The question has been considered at length and it has been decided that optional holidays may be allowed to be prefixed or suffixed to regular leave or causal leave or other holidays.

2. This issues with the concurrence of Finance Department obtained on 27-10-'76 on this of even number.

*નોંધ : આ ઠરાવ માર્ગદર્શન માટે છાપેલ છે.*

* * *

## 12. બિનશૈક્ષણિક કર્મચારીઓને જાહેર રજાઓનો લાભ ન આપવા અંગે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મશબ-ટ-2, ના 18850-189,
ગાંધીનગર, તા. 5-1-'77

પ્રતિ,

જયભારત સહ ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે તા. 17-12-'76ના રોજ મળેલ બોર્ડની કારોબારી સમિતિએ બિનશૈક્ષણિક કર્મચારીઓની રજાઓ બાબતમાં તેના ઠરાવક્રમાંક : 6 થી નીચે મુજબ ઠરાવ કરેલ છે :

ઠરાવ નં. 6 : ''બિનસરકારી માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક સ્ટાફના કર્મચારીઓની સરકારી કચેરીઓના કર્મચારીઓને જેટલી સંખ્યામાં અને જે જાહેર રજાઓનો (ગેઝેટેડ) લાભ મળે છે તેટલી તે જ રજાઓનો લાભ આપવાનું અને શાળા પોતાના વેકેશનમાં ઘટાડો કરીને સ્થાનિક રજાઓ પાડે તેનો લાભ આ કર્મચારીઓને મળી શકે નહિ એમ ઠરાવવામાં આવ્યું.''

ઉપર મુજબની જાણ આપના જિલ્લાની તમામ બિનસરકારી માધ્યમિક શાળાઓને કરી તે પ્રમાણે અમલ કરવા શાળાઓને જણાવવા વિનંતી છે.

સહી, સત્તાધિકારી
સચિવ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

* * *

## 13. પ્રાસરજાઓ 1લી જાન્યુઆરી અને 1લી જુલાઇના રોજ અગાઉથી જમા કરવા અંગે

GRFD No. LVE-1077/1993-P, Dt. 29-9-'77

In modification of GRFD No. : LVE-1076/2581/P, Dt. 5-11-'76 *(હાલમાં રદ છે)* the following orders regarding calculation and maintenance of Leave Account are issued :

2. (a) The Leave Account of Government Servant, other than Vacation Department Staff, shall be credited with 30 days, EL in a calendar year. This

shall be done in advance in two instalment of 15 days each on the 1st of January and 1st of July every year.

(b) The credits afforded under sub-para (a) above shall be reduced by 1/10th of the period of extraordinary leave only availed of during the previous half year, subject to a maximum of 15 days.

(c) The EL at the credit of Government Servant at the close of half year, shall be carried forward to the next half year, subject to the condition that the EL so carried forward plus the credit for that half year shall not exceed 180 days.

(d) If a Government Servant is appointed on or after the 1st of January of a year, EL shall be credited to his leave account at the rate of 2½ days for each completed calendar month of service, which he is likely to render in a half year of the calendar year, in which he is appointed.

(e) The credit for the half year in which, a member of the service is due to retire or resigns from service, shall be afforded only at the rate of 2½ days per completed calendar month, in the half year upto the date of retirement or resignation. If the leave already availed of is more than the credit so due to him, necessary adjustment shall be made in respect of leave, salary overdrawn if any.

(f) When a Government Servant is removed or dismissed from the service or died while in service, credit of EL shall be allowed at the rate of 2½ days per completed calender month, in which he is removed or dismissed from service or died in service. Where the quantum of EL is in excess of the leave, the over payment of leave salary shall be recovered in such cases.

3. While affording credit under para 2, fraction of a day shall be rounded off to the nearest day.

4. The leave account shall be maintained in the form appended.

5. Above orders take effect from 1-1-'77.

**FORM OF LEAVE ACCOUNT**

**(vide GRFD No. : LVE-1077/1993-P, Dt. 29-9-'77)**

Name of government servant ________________________________________

Date of commencement of continuous service ___________________________

Date of Birth _________ Date of permenant employment _________________

Date of retirement/Resignation ______________________________________

**Note 3 :** The old leave account in respect of existing government servants has to be closed and the balance on 31-12-'76 will have to be carried forward to the new account in column 11. While doing so, the balance at credit on 31-12-'76 may be rounded off to the nearest day.

**Note 4 :** The entries of Column 6 should be in complete days. Fraction of a day will be rounded off in the nearest day.

**Note 5 :** Period of extra-ordinary leave should be noted in red ink.

**Note 6 :** The entries in Column 12 and 13 should indicate only the beginning and end of completed year of service at the time HPL commences. Where a government servant completes year of service while on half pay leave, the extra credit should be shown in (Column 12 to 16) making suitable additional entries and this should be taken into account while completing Column 35.

*નોંધ : વિનિયમ 30 લાગુ પડે છે, આમ છતાં વધુ માહિતી માટે છાપેલ છે.*

## EARNED LEAVE

| Particulars of services in the calendar half year | | Completed months of service in the calender half year | EL credited at the beginning of half year | No. of days extraordinary leave (Column 36) availed of during the previous calendar half year | EL to be deducted (1/10th of the period in column 5) | Total EL at credit in days Column 4 + 11 - 6) | Leave taken | | | Balance of EL on return from leave (Column 7-10) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| From | To | | | | | | From | To | No. of days | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |

**Note 1 :** The EL due should be expressed in days.

**Note 2 :** "When a government servant is appointed or when a government servant is to retire or resign or is removed or dismissed during the course of a particular calendar half year. EL should be credited to his account at the rate of 2½ days for each completed (calendar) month and fraction of a day will be rounded to the nearest day."

## HALF PAY LEAVE

| Length of service | | | Credit of leave | | Leave taken | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | Against the earning on half pay | | | Commuted leave on medical certificate on full pay | | | Commuted leave W/O MC for studies certified to be in public interest Limited to 180 days | | HPL converted into 90 days commuted leave in entire service |
| From | To | No. of completed years | Leave earned (in days) | Leave at credit Column 15 + 35 | From | To | No. of days | From | To | No. of days | From | To | No. of days |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 |

on private affairs & MC including commuted leave ...

| Commuted leave converted into half pay leave (twice of column 22 & 25) | LND Limited to 360 days in entire service | | | | | | | | | Other kinds of leave taken |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | On Medical Certificate | | | Otherwise than on MC limited to 180 days | | | Total of leave not due (Column 29 – 32) | Total half pay leave taken (Column 19 + 26 + 33) | Balance of half pay leave on return from leave (Column 16 – 34) | |
| | From | To | No. of days | From | To | No. of days | | | | |
| 26 | 27 | 28 | 29 | 30 | 31 | 32 | 33 | 34 | 35 | 36 |

નોંધ : માર્ગદર્શન માટે છાપવામાં આવેલ છે.

* * *

## 14. ભોગવ્યા વગરની પ્રાપ્તરજાઓનું નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવા અંગે

GRFD No. : LVE-1078/72-P, Dt. 10-1-'78

The government have under consideration for some time, the question of grant of cash equivalent for unutilised EL, at the credit of government employees. The matter had been carefully considered and government is pleased to decide that, government servants may be paid cash equivalent of leave salary in respect of the period of EL at their credit at the time of retirement on superannuation.

2. The decision contained in GR will be applicable to government servant retiring on or after 1-1-'78 (હવે અશક્તિ-પેન્શન પર નિવૃત્ત થતા તેમ જ પુન: નિયુક્તિના ધોરણે નિમણૂક પામેલ કર્મચારીઓને પણ આ લાભ મળવાપાત્ર છે)

3. This concession will subject to the following conditions :

(a) The payment of cash equivalent of leave salary shall be limited to a maximum of 180 days Earned Leave.

(b) The cash equivalent of leave salary admissible will become payable on retirement and will be paid in one lump sum as a one time settlement.

(c) Cash payment under this order will, subject to (d) below, be equal leave salary as admissible for EL and dearness allowance admissible on that leave salary at the rates in force on the date of retirement. No city compensatory allowance and/or house rent allowance shall be payable. (હવે શહેરી વળતરભથ્થુ C.L.A.પણ મળવાપાત્ર છે. *(જુઓ તા. 27-4-'79નો ઠરાવ)*

(d) From the cash amount worked out in accordance with (c) above will be deducted the pensionary equivalent of other retirement benefits for which the cash equivalent is payable. (હવે કપાત કરવાની નથી)

(e) The authority competent to grant leave shall "Suo motto" issue order granting cash equivalent of EL at credit on the date of retirement.

4. These orders shall not apply to cases of premature/voluntary retirement under Rule 161 of BCSRs. Persons who are compulsorily retired as measure of punishment under the disciplinary rules will also not be covered by these orders.

5. A government servant already on leave preparatory to retirement who has been allowed to return to duty in accordance with Rule 644(2) of BCSRs, shall also be entitled to benefit under this GR on the date of retirement.

6. The benefit under this order shall also be admissible to government servants, who attain the age of retirement on or after 1-1-'78 and are granted extension of service after that date. In such cases, the benefit shall be granted on the date of final retirement, on expiry of extension to the extent of EL at credit on the date of superannuation plus the EL earned during the period of extension reduced by EL availed of during such period subject to a maximum of 180 days. The above benefits will not, however, be available to those who attained the age of retirement before 1-1-'78 and were on extension service thereafter.

7. Consequent on issue of this GR refusal of EL as preparatory to retirement, embodied in Rule 753 of BCSRs and Rule of 6 of RLRs, 1935 will no longer be necessary. A government servant can also avail of as leave preparatory to retirement, a part of EL at his credit. In that case he will be allowed benefits of these orders for the EL, that remains at credit on the date of retirement in accordance with terms and conditions stipulated in this GR.

8. Necessary amendments to the BCSRs will follow.

*નોંધ : આ ઠરાવ વધુ માહિતી માટે છાપવામાં આવેલ છે.*

* * *

## 15. પ્રસૂતિની રજા સાથે રૂપાંતરિત રજા આપવા અંગે

GRFD No. : LVE-1077/94-P, Dt. 10-1-'78

According to the provisions contained in rule 773 of BCSRs, maternity leave may be combined with leave of any other kind, but any leave applied for in continuation of the former may be granted only, if the request is supported by a medical certificate. The question of grant of leave, in continuation of maternity leave without producing medical certificate of a female government servant, was under consideration of government.

Government is now pleased to decide that, a female government servant may be allowed leave of the kind due including commuted leave, if applied for in continuation of the maternity leave upto a maximum of 60 days without producing a medical certificate in due course.

*નોંધ : આ ઠરાવ વધુ માહિતી માટે છાપવામાં આવેલ છે.*

* * *

## 16. ખરેખર ભોગવેલ રજાઓના ગાળા દરમિયાન પ્રાપ્તરજાઓ જમા કરવા અંગે

GRFD No. : LVE-1078-601-P, Dated 18-4-'78

GRFD No. : LVE-1077/1993-P, dt. the 29-9-'77 (પરિપત્ર-13) interalia provides that the lave account of government servant, shall be credited with 30 days earned leave in calendar year in advance, in two instalments of 15 days on each half year i.e. on the 1st January and 1st of July every year. A question has been raised, as to whether a government servant, who is on leave on the last day of

particular half year may be allowed to avail himself of the advance credit of earned leave, becoming due to him on the first of the succeeding half year without having to return to duty. After careful consideration government is pleased to clarify that, if a government servant is on leave on the last day of any particular half of a calendar year, he shall be entitled to earned leave credited on the first of the succeeding half year, provided the authority competent to grant leave has reason to believe that, the government servant will return to duty on expiry of his leave.

*નોંધ : આ ઠરાવ સ્પષ્ટતા માટે છાપેલ છે.*

* * *

### 17. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટર તરીકેની હાજરીને ડી.એલ. ગણવા અંગે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મશબ-જી-2-પરિ, 1/40,
સેક્ટર-10 બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા. 23-6-'78

પ્રતિ,
શાસનાધિકારીશ્રી (ભરૂચ, સુરત તથા વલસાડ)

જયભારત સહ ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટર તરીકે હાજરી આપતા શિક્ષકો તથા આચાર્યશ્રીઓની તેટલા દિવસ પૂરતી ડ્યૂટી લીવ ગણવા આપના જિલ્લાની સંબંધિત શાળાઓને તાત્કાલિક સૂચના આપવા વિનંતી છે.

સહી, સત્તાધિકારી
સચિવ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

* * *

### 18. વણભોગવેલ રૂપાંતરિત રજાઓનું નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતરનો લાભ આપવા અંગે

GRFD No. : LVE-1078/2772-P, Dated 16-8-'78

***Read** : GRFD No. : LVE-1078/72-P, dated 10-1-'78 (પરિપત્ર-14)*

Under GRFD dated 10-1-'78 referred to in the preamble, orders have been issued to the effect that the government servants retiring on superannuation on or after the 1-1-'78, may be paid cash equivalent of leave salary in respect of period or earned leave at their credit, at the time of retirement on superannuation. Government is now pleased to decide that, the orders contained in GRFD, Dt. 10-1-'78, referred to the preamble will take effect on and from 30-9-'77. Government is further pleased to decide to do away, with the provision contained in para 3(d) of the aforesaid government resolution also with effect from Dt : 30-9-'77. According no deduction on account of pension and pensionary equivalent of other retirement benefits, should be made from the cash payment to be made in lieu of unutilised earned leave.

* * *

### 19. અશક્તિ પેન્શન ઉપર જનાર કર્મચારીઓને રૂપાંતરિત રજાઓને રોકડમાં રૂપાંતરનો લાભ આપવા અંગે

GRFD No. : LVE-1078/4006-P, Dt. 27-12-'78

The orders contained in GRFD No. : LVE-1078/72-P, Dt. 10-1-'78 (પરિપત્ર-14) as modified under orders of GRFD No. : LVE-1078/2772-P, Dt. 16-8-'78 (પરિપત્ર-18).

inter alia provide that the Government servants retiring on or after 30-9-'77, may be paid cash equivalent to leave salary in respect of the period of earned leave, at their credit at time of retirement on superannuation. The question of extending the benefit of the above orders to the government servants the retiring on invalid pension, was under consideration of Government for some time past. After careful consideration, government is pleased to decide that the orders contained in GRFD, Dt. 10-1-'78 as amended from time to time, shall also be applicable to government servants retiring on invalid pension.

2. These orders will take effect from 30-9-'77.

❋ ❋ ❋

## 20. રૂપાંતરિત રજાના પગાર ઉપર મોંઘવારી-ભથ્થું અને શહેરી વળતર-ભથ્થું આપવા અંગે

નાણાં વિભાગ : એલવીઈ-1079/1962-પી, તા. 26-4-'79

*વંચાણમાં લીધા : (1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઈ-1078-72-પી, તા. 10-1-'78. (નં.14)*

*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઈ-1078-2772-પી, તા. 16-8-'78. (નં.18)*

સરકારી કર્મચારીઓ નિવૃત્તિવયે પહોંચે અને નિવૃત્ત થાય ત્યારે વધુમાં વધુ 180 દિવસની પ્રાપ્તરજાની મર્યાદામાં તેમને ખાતે લેણી પ્રાપ્તરજાનું, રજાના પગાર જેટલી રોકડ રકમ મંજૂર કરવામાં આવે છે. હાલના હુકમો વણવપરાયેલી પ્રાપ્તરજા માટે રજાના પગાર અને મોંઘવારી-ભથ્થાની ચુકવણી માટે જોગવાઈ કરે છે. વખતોવખત સુધાર્યા પ્રમાણેના નાણાં વિભાગના સરકારી ઠરાવ નંબર : આરઆર-1071/425-જે, તા. 29-3-'71માં વખતોવખત સુધાર્યા પ્રમાણેના નાણાં વિભાગના ઠરાવક્રમાંક : પીસીઆર-6175-5-એમ, તા. 25-4-'75માં ઠરાવ્યા પ્રમાણે રજાનું રોકડમાં રૂપાંતર કરવાની યોજના તે હુકમો હેઠળ રજાના રોકડમાં રૂપાંતર કરેલ રજા માટે શહેરી વળતર-ભથ્થું આપવું કે કેમ તે પ્રશ્ન વિચારણામાં હતો. સરકારે નક્કી કર્યું છે કે પ્રાસ્તાવિકમાં ઉલ્લેખ કરેલ હુકમો હેઠળ રૂપાંતર કરેલ રજા માટે શહેરી વળતર-ભથ્થું પણ આપવું.

*નોંધ : આ ઠરાવ સ્પષ્ટીકરણ માટે છાપેલ છે.*

❋ ❋ ❋

## 21. પુનઃ નિયુક્તિનો સમય પૂરો થયા બાદ જમા પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર કરવા અંગે

નાણાં વિભાગ ઠરાવક્રમાંક : એલવીઈ-1079/1914/પી, તા. 23-7-'79

પુનઃ નિયુક્તિના ધોરણે નિમાયેલા સરકારી કર્મચારીઓને વખતોવખત સુધાર્યા પ્રમાણેના નાણાં વિભાગના ઠરાવક્રમાંક : એલવીઈ-1078/72-5, તા. 10-1-'78 *(નં.14)* માં ઉલ્લેખિત લાભો લાગુ પાડવાનું કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતું. સરકારે ઠરાવેલ છે કે પુનઃ નિયુક્તિના ધોરણે નિમાયેલા સરકારી કર્મચારીઓને પુનઃ નિયુક્તિનો સમય પૂરો થયા બાદ તેઓના ખાતે જમા પ્રાપ્તરજાના સમયનો રજાપગાર જેટલી રકમ રોકડમાં વખતોવખત સુધાર્યા પ્રમાણેના નાણાં વિભાગના તા. 10-1-'78 (પરિપત્ર નં. 14)ના ઠરાવમાં જોગવાઈઓ કર્યા પ્રમાણે ચુકવણી કરવી.

*નોંધ : આ ઠરાવ સ્પષ્ટતા માટે છાપેલ છે.*

❋ ❋ ❋

## 22. બોર્ડની પરીક્ષાની કામગીરી માટે ખાસ પરચૂરણ રજા આપવા અંગે

ઠરાવક્રમાંક : એસઈઆર-1077/73927-ગ, તા. 26-12-'79

*વંચાણમાં લીધો :*

*સેક્રેટરી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર, પત્રક્રમાંક : મશબ-જી-5/વિનિયમ-14, તા. 25-10-'79.*

**ઠરાવ** : ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 (સન 1973ના ગુજરાત રાજ્યના 18મા)ની કલમ 53ની પેટા-કલમ(3)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, 1972 હેઠળ કરવામાં આવેલા માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974માં નીચેનો ફેરફાર મંજૂર કરેલ છે :

વિનિયમ ક્રમાંક : 30(2)(જી) : વિદ્યમાન વિનિયમ ક્રમાંક : (30)(2)(જી)ને બદલે નીચેનો નવો વિનિયમ મૂકવો :

'દર વર્ષે માર્ચ-એપ્રિલ અને ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં બોર્ડ દ્વારા લેવાતી પરીક્ષાઓના સંબંધમાં 'થિયરી' અને 'પ્રાયોગિક કામ'ની પરીક્ષા માટે પ્રાશ્નિક, મોડરેટરો, પરીક્ષકો વગેરે તરીકેની તેમની નિમણૂકને કારણે ફરજ ઉપરથી ગેરહાજર રહેવું પડ્યું હોય તેવી વ્યક્તિઓને કોઈ વર્ષમાં, જો તેમની પરચૂરણ રજા લેણી ન હોય તો ખાસ કેસ તરીકે વેકેશનની આગળ અને/અથવા પાછળ જોડવાની પરવાનગી સાથે 15 દિવસ સુધીની ખાસ પરચૂરણ રજા લેવાની છૂટ આપવામાં આવશે. પરંતુ એ શરતે કે પરીક્ષાઓના સંબંધમાં અમુક દિવસો માટે બોર્ડના અધિકૃત અધિકારીએ એમ પ્રમાણિત કર્યું હોય કે એ વ્યક્તિઓની હાજરી જરૂરી છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, ચં. મો. કોઠારી

સેક્શન ઓફિસર, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 23. માધ્યમિક શાળાંત પરીક્ષામાં નિરીક્ષક તરીકેની કામગીરીને ફરજનો ભાગ ગણવા અંગે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : જી-પ-પરચૂ-પરીક્ષા-390

સેક્ટર 10 બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા. 25-1-'80

જયભારત સહ ઉપરોક્ત વિષય સંબંધમાં જણાવવાનું કે તા. 30-10-'79ના રોજ મળેલ બોર્ડની કારોબારી સમિતિની બેઠકમાં ઠરાવ નં. 35 થી નીચે પ્રમાણે ઠરાવેલ છે :

''ઠરાવવામાં આવ્યું કે માધ્યમિક શાળાંત પરીક્ષામાં બિનસરકારી શાળાઓના શિક્ષકો-આચાર્યોની ઓબ્ઝર્વર (નિરીક્ષક) તરીકે નિમણૂક કરવામાં આવે તો જે-તે સંસ્થાઓએ આવા કર્મચારીઓને (ઓન ડ્યૂટી) ફરજ પર ગણવાના રહેશે તેવી સૂચના શાળાઓને આપવી.''

સબબ ઉપરોક્ત ઠરાવની જાણ જિલ્લાની શાળાઓના વડાઓ તથા સંચાલકમંડળોને કરવા વિનંતી છે.

સહી, સત્તાધિકારી

સચિવ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ

❋ ❋ ❋

## 24. બિનસરકારી માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર કરવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવનંબર : બમશ/1179/66323-ગ

સચિવાલય, ગાંધીનગર, તા. 7-2-'80

**ઠરાવ** : ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોના વિનિયમ 30(7) એ, બી તથા તેનાં પરંતુકોની જોગવાઈ મુજબ જ બિનસરકારી માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓની જે પ્રાપ્તરજાઓ મળવાપાત્ર છે, તેનું રોકડમાં રૂપાંતર કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણા બાદ સરકારી કર્મચારીઓની પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર કરવાની યોજના વખતોવખતના સુધારાવધારા સહિત સરકારસહાયિત માન્ય બિનસરકારી માધ્યમિક શાળા તથા અધ્યાપન મંદિરોના પૂરા સમયના બિનશૈક્ષણિક કર્મચારીઓને સને 1980-'81ના બ્લોકથી લાગુ પાડવાની આથી સરકારશ્રીની સંમતિ આપવામાં આવે છે.

આ હુકમો શિક્ષણ વિભાગની ફાઈલ નં. : બમશ-1179/66323-ગ, ઉપર નાણાં વિભાગની સંમતિ તા. 28-1-'80ના રોજ મેળવી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, ચં. મો. કોઠારી

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *

## 25. પુનઃનિયુક્તિ મેળવતા કર્મચારીઓની પેન્શનની રકમ બાદ કર્યા બાદ રજા-પગારની ચુકવણી કરવા અંગે

નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : આરઆરઆર/1080/1283/5, તા. 9-5-'80

આમુખ : *(1) ના.વિ. સ. ઠરાવ નં. : એલવીઈ-1078-2772-5, તા. 16-8-78 (નં.18)*

*(2) ના.વિ.સ. ઠરાવ નં. : એલવીઈ-1079-1914-5, તા. 23-7-79 (નં.21)*

1\. આમુખમાં દર્શાવેલ નાણાં વિભાગના તા. 16-8-'78ના સરકારી ઠરાવથી ઠરાવેલ છે કે નિવૃત્તિના દિવસે વણવપરાયેલ રજામાંથી પેન્શન અને નિવૃત્તિના બીજા લાભોની સમકક્ષ પેન્શનને બાદ કરવા નહિ. પુનઃ નિયુક્તિના ધોરણે નિમાયેલા સરકારી કર્મચારીઓને વખતોવખત સુધાર્યા પ્રમાણેના નાણાં વિભાગના તા. 10-1-'78ના ઠરાવમાં દર્શાવ્યા મુજબ નિવૃત્તિના દિવસે વણવપરાયેલ પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર કરવાની યોજનાનો લાભ આમુખમાં દર્શાવ્યા મુજબના નાણાં વિભાગના તા. 23-7-'79 ના ઠરાવથી આપવાનું ઠરાવેલ છે.

2\. પુનઃ નિયુક્તિ મેળવેલા કર્મચારી જ્યારે રજાનું રોકડમાં રૂપાંતરકરવાના લાભ માટે વિનંતી કરે ત્યારે રજાના પગારમાંથી પેન્શન અને નિવૃત્તિના બીજા લાભોની સમકક્ષ પેન્શન બાદ કરવા કે નહિ તેવો પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકાર એવો નિર્દેશ કરે છે કે આવા કિસ્સામાં પેન્શન અને નિવૃત્તિના બીજા લાભોની સમકક્ષ પેન્શન બાદ કર્યા વગર એકંદરે પગારની ચુકવણી રજાના પગાર તરીકે કરવી.

3\. આ હુકમો તા. 23-7-'79થી અમલી બનશે.

નોંધ : *ખાનગી માધ્યમિક શાળાઓમાં વર્ગ-4ના કર્મચારીઓ / લઘુમતી શાળાના કર્મચારીઓને પુનઃ નિયુક્તિ લાગુ પડે છે, તેવા કર્મચારીઓના લાભાર્થે માર્ગદર્શન માટે છાપેલ છે.*

* * *

## 26. અધ્યાપન મંદિરોના કર્મચારીઓને રજા-મુસાફરી તથા મેડિકલ સવલતોનો લાભ આપવા અંગે

અમદાવાદ જિલ્લા વિસ્તાર અને ગાંધીનગર જિલ્લો, ક્રમાંક : મધક-7577/827-ચ, 80-81

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, પાટનગર યોજના ભવન, અમદાવાદ-6, તા. 16-5-'80

આચાર્યશ્રી,

જિલ્લાની તમામ બિનસરકારી માધ્યમિક શાળાઓ અને અધ્યાપન મંદિરો, જિ. ગાંધીનગર અને અમદાવાદ ગ્રામ વિભાગ.

**વિષય** : શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને રજા-મુસાફરી તથા મેડિકલ સવલતોના લાભ તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓની પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર કરવા અંગે

***સંદર્ભ** : ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરીનો તા. 22-4-'80નો ક્રમાંક : 15-મગમ-ગ્રાન્ટ-ધ.*

રજામુસાફરી :

(1) નિયમ મુજબ આ મુસાફરી માટે જે-તે કર્મચારીએ દિન આઠ અગાઉ શાળાના આચાર્યને અરજી કરવાની રહેશે, અને તે આચાર્યશ્રી મંજૂર કરશે. આ મુસાફરી કર્મચારીના વતનમાં કરવાની કે ગુજરાતના કોઈપણ એક સ્થળની મુલાકાત લેવાની કરવી જોઈએ. આ લાભ કર્મચારીના કુટુંબ સાથે મળશે. કુટુંબની વ્યાખ્યા નિયમ મુજબની હશે.

(2) આ યોજનાનો લાભ તા. 1-1-'80થી આપવાનો હોઈ પ્રથમ બ્લૉક 1980-'81નો રહેશે. શાળાના જે-તે કર્મચારીની આ અંગે મુસાફરી-ભથ્થાના બિલમાં તમામ નિયમ મુજબની રકમ આકારી નિયમ મુજબનાં તમામ પ્રમાણપત્રો સાથે શાળાના આચાર્યશ્રી પાસે ખરાઈ કરાવીને આ કચેરીની સીધી પગારયોજનાની શાખાને પગારબિલ (ફોર્મમાં) બે નકલમાં રજૂ કરે. આ બિલ અત્રેથી પાસ કરી જે-તે કર્મચારીના ખાતામાં ચેક દ્વારા આ કચેરી દ્વારા જમા કરવામાં આવશે. જે શાળા સીધી પગારયોજનામાં ન હોય તેવી શાળાઓએ આ ખર્ચ અંગે મંજૂરી મેળવી મંડળે રકમ ચૂકવવી, જે આ હેડ નીચે માન્ય રાખવામાં આવશે.

જે કર્મચારીએ રજા-મુસાફરીનો લાભ જે-તે બ્લૉકમાં લીધો હોય તેની નોંધ જે-તે કર્મચારીની સેવાપોથીમાં લાલ શાહીથી કરી તેનું પ્રમાણપત્ર આ યોજનાના બિલ સાથે મોકલી આપવું. શાળાના ઑડિટ દરમ્યાન આ બાબતની ચકાસણી આ કચેરી દ્વારા કરવામાં આવશે.

**મેડિકલ સવલતો :**

(3) આ સવલતોનો લાભ તા. 1-3-'80થી આપવાનો છે. આ લાભ મંજૂર કરવા મોકલી આપવાની કાર્યવાહી ઉપર પ્રમાણે કરવાની છે. સીધી પગારયોજના હેઠળ જ આ સવલતોનાં બિલો પગાર-બિલના ફોર્મમાં ભરી મોકલવાની હોય છે.

(4) સરકારી દવાખાનામાં કે સરકારશ્રીએ માન્ય કરેલાં દવાખાનાંઓમાં લાભ લેનાર કર્મચારીએ સારવાર લીધી હોવી જોઈએ. સારવાર માટે લીધેલ દવાઓની વિગત નિયત કરેલા પત્રકમાં બે નકલમાં ભરી સારવાર લીધેલ દવાખાનાના મેડિકલ ઑફિસરની સહી લેવાની રહેશે અને ઉપરોક્ત બિલ સાથે મોકલી આપવાનું રહેશે. સરકારશ્રીએ માન્ય રાખેલ માન્ય દવાઓના બિલની રકમ જ મંજૂર કરી શકાશે. તેથી કર્મચારીએ રજૂ કરેલા દવાના ખર્ચનું બિલ માન્ય દવાઓની યાદી મુજબ છે તેમ જ સરકારશ્રીના વખતોવખતના ઠરાવ મુજબની શરતો પ્રમાણે છે, તેનું પ્રમાણપત્ર આચાર્યશ્રીએ મોકલી આપવું પડશે. જે શાળા સીધી પગારયોજનામાં ન હોય તેવી શાળાએ આવી રકમ આ કચેરી દ્વારા મંજૂર કરાવી મંડળે રકમ ચૂકવવાની રહેશે, જે ગ્રાન્ટ પેટે માન્ય રાખવામાં આવશે. દવાના બિલની એક નકલ શાળાના રેકર્ડ ઉપર પણ રાખવી જરૂરી છે.

(5) દરેક સંસ્થાના આચાર્યશ્રીને વિનંતી કરવામાં આવે છે કે, રજા-મુસાફરી પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર તેમ જ મેડિકલ સવલતોનું દરેક માસમાં એક જ બિલમાં રજૂ કરવું. આવાં બિલો દરેક માસની તા.

15મીથી તા. 20મીમાં એક જ બિલમાં મોકલી આપવા તજવીજ કરવી. મેડિકલ સવલતોના બિલનો ચેક જે-તે વ્યક્તિના ખાતામાં જમા કરાવવાની પ્રથા પ્રથમ પગાર-બિલ યોજના મુજબની રહેશે.

(6) બિનસરકારી માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓની પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર કરવાની યોજનાનો લાભ પણ ઉપર મુજબની પ્રથા પ્રમાણે આપવામાં રહેશે. રજાઓ જે-તે શાળાના આચાર્યશ્રીએ મંજૂર કરવાની રહેશે તેમ જ તેની એક નકલ પગારબિલ સાથે જોડવાની રહેશે.

(7) આચાર્યશ્રીની ઉપરોક્ત સવલતોની અરજી મંડળના પ્રમુખ કે સેક્રેટરી મંજૂર કરશે તેમ જ શાળાના શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓની ઉપરોક્ત સવલતોની અરજીની મંજૂરી જે-તે શાળાના આચાર્યશ્રીને અપાશે.

(8) ઉપરોક્ત સવલતો અંગેનું જરૂરી સાહિત્ય આ સાથે સામેલ છે.

(9) ઉપરોક્ત તમામ સવલતો અંગેનું જુદું રજિસ્ટર રાખવું અને તેમાં બધી વિગતવાર માહિતી દર્શાવવી.

સહી, ડૉ. આઈ. એમ. પટેલ,

જિલ્લા શિક્ષણાધિકારી, અમદવાદ જિલ્લા ગ્રામ્ય વિસ્તાર અને ગાંધીનગર જિલ્લો

❋ ❋ ❋

## 27. શનિવારે કામકાજના કલાકોના અર્ધા ભાગ માટે ½ કેજ્યુઅલ રજા મળવા અંગે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, નં. : મશબ-જી-5 : પરચૂ : 108,
સેક્ટર 10 બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા. 19-6-'80

પ્રતિ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

જયભારત સહ ઉપરોક્ત વિષય સંબંધમાં જણાવવાનું કે બોર્ડની તા. 9-5-'80ની સામાન્ય સભાની બેઠકમાં ઠરાવ નંબર : પરિશિષ્ટ-2(9)ની અન્વયે ઠરાવેલ છે કે માધ્યમિક શાળામાં કામ કરતાં કર્મચારીઓને શનિવારે કામકાજના કલાકોના અર્ધા ભાગ માટે ½ કેજ્યુઅલ રજા મળવાપાત્ર છે. સબબ ઉપરોક્ત બાબતની જાણ આપના જિલ્લામાં આવેલ તમામ બિનસરકારી રજિસ્ટર્ડ માધ્યમિક શાળાઓના વડાઓને કરવા વિનંતી છે.

2. આ પરિપત્ર મળ્યા બદલની પહોંચ વળતી ટપાલે આપવા વિનંતી છે.

સહી, સચિવ વતી

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

❋ ❋ ❋

## 28. બિનસરકારી માદયમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓની પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર કરવા અંગે

ક્રમાંક : ડ-પે-80 જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી,
અમદાવાદ શહેર વિસ્તાર, અમદાવાદ-6, તા. 30-6-'80

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિનસરકારી માધ્યમિક શાળાઓ (અમદાવાદ શહેર વિસ્તાર)

ઉપરોક્ત વિષય બાબતે જણાવવાનું કે સરકારશ્રીના ઠરાવક્રમાંક : મબશ-1179/66323-ગ, તા. 7-2-'80 *(નં. 24)*થી બિનસરકારી માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને રોકડમાં રૂપાંતર રજાનો લાભ 1980-'81ના વર્ષના બ્લૉકથી આપવાનું ઠરાવેલ છે.

આ માટેનું બિલ પગાર-બિલની જેમ જ બનાવવાનું રહેશે. માત્ર પગારબિલના ફોર્મ ઉપર રોકડમાં ''રૂપાંતર રજાનું પગાર-બિલ'' એમ લખવાનું રહેશે. જે સમય દરમ્યાન રજા ઉપર હોય તે દરમ્યાનનો પગાર, મોંઘવારી અને સ્થાનિકભથ્થું જ મળી શકે. જે-તે વર્ષોના બ્લૉક દરમિયાન એક જ વખત આ લાભ મેળવી શકાશે. આ રીતે દર બે વર્ષે એક માસનો રજાનો પગાર મેળવી શકશે. સંસ્થામાં હાજર રહીને પણ આ પ્રકારની રજા ભોગવી શકાશે. પરંતુ 30 દિવસની રજા ઉધારવાની રહેશે.

કર્મચારીએ રજા ઉપર જતાં પહેલા સંસ્થાને બે નકલમાં રજાની માંગણી કરતી અરજી કરવાની રહેશે. આ અરજીનું નિયત ફોર્મ રવાના કરવામાં આવેલ છે એટલે તે નિયત ફોર્મમાં જ અરજી કરવી. આ પ્રકારની રજા સંસ્થા મંજૂર કરે તો રજા મંજૂર કરવા માટેનો હુકમો નક્કી કરવામાં આવેલા ફોર્મમાં કરવાના રહેશે. રોકડમાં રૂપાંતર રજાના બિલની સાથે રજાની માંગણી અંગેની અરજીની એક નકલ તથા રજા મંજૂર કર્યાના હુકમની બે નકલ મોકલવાની રહેશે. બિલના ફોર્મમાં નામની નીચે જે સમયથી જે સમય સુધી રજા ઉપર ગયેલા હોય તે વિગત લખવી. તેની નીચે તે માસનો બેઝિક પગાર, સ્થાનિક-ભથ્થું દર્શાવવાનું રહેશે.

બિલ રજૂ કરતી વખતે સાથે રજૂ કરેલ બિલ પ્રથમ વાર જ રજૂ કરેલ છે અને અગાઉ આ સમયનું અને આ જ રકમનું બિલ બનાવી રકમ મેળવવામાં આવેલ નથી તેવું પ્રમાણપત્ર આપવું. રજામંજૂરી અંગેની નોંધ સર્વિસબુકમાં કરવાની રહેશે. બિલમાં પ્રમાણપત્ર આપવાનું રહેશે કે રજા અંગેની સંપૂર્ણ નોંધ જે-તે કર્મચારીની સર્વિસબુકમાં કરવામાં આવી છે. સર્વિસબુકમાં રજા મંજૂર કર્યાનો પત્રનંબર અને તારીખ લખવાનાં રહેશે.

આ પ્રકારનું બિલ પ્રત્યેક સંસ્થા તરફથી એક માસમાં એક જ બિલ રજૂ થવું જોઈએ. એક માસમાં એક કરતાં વધુ વ્યક્તિઓ આ પ્રકારની રજાનો લાભ લે તો એક જ બિલ બનાવવું.

આ બિલ રજૂ કરતાં પહેલાં રૂબરૂમાં ચેક કરાવી લેવું. જેથી ક્ષતિવાળું હોય તો રૂબરૂમાં સૂચના આપી શકાય.

રોકડમાં રૂપાંતરિત રજા અંગેનું રજિસ્ટર દરેક સંસ્થાએ બનાવવાનું રહેશે. રજિસ્ટર કઈ રીતે બનાવવું તેની વિગતવાર સૂચનાઓ અત્રેની કચેરીમાંથી મેળવી લેશો.

સહી, એસ. એમ. ગુપ્તા,

કાર્યકારી જિલ્લા શિક્ષણાધિકારી, અમદાવાદ શહેર વિસ્તાર

❊ ❊ ❊

## 29. વેકેશન દરમિયાનની શૈક્ષણિક કર્મચારીઓની ફરજના દિવસો જેટલી હક્કરજા શૈક્ષણિક વર્ષ દરમિયાન 30 દિવસની મર્યાદામાં આપવા અંગે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મશબ/જી-5/રેગ્યુ/324,
સેક્ટર 10 બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા. 8-9-'80

મહાશય,

ઉપર્યુક્ત વિષયના શાળાના તા. 8-8-'80ના પત્રક્રમાંક : 351-80/81 અન્વયે સવિનય જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974ના વિનિયમ નં. 30(7) ની હાલની જોગવાઈ મુજબ શૈક્ષણિક સ્ટાફના કાયમી કર્મચારીને વેકેશન દરમિયાન જેટલા દિવસો ફરજ પર બોલાવવામાં આવે તેટલા દિવસોની હક્કરજા શૈક્ષણિક વર્ષ દરમિયાન વધુમાં વધુ 30 દિવસની મર્યાદામાં રહીને મળવાપાત્ર છે, જે વિદિત થાય.

સહી, ધિમંત વોરા

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

❊ ❊ ❊

## 30. સ્ત્રી-કર્મચારીને પ્રસૂતિ સમયે 90 દિવસની રજા આપવા અંગે

GRFD No. : LVE-1081/29-P, Dt. 16-2-'81

Under the existing provisions of Rules 771 and 771-A of BCSRs maternity leave to a female government servant is admissible for a period of three months from the date its commencement or for the period of six weeks from the date of its confinement, whichever is earlier. The question for removing the existing restrction for grant of maternity leave for the period of six weeks from the date of confinement was under consideration of Government. After careful consideration and in partial modification of existing provisions for grant of maternity leave, when admissible,

Government is pleased to decide that the period of the maternity leave granted to female government servant under the provisions of Rule 77* and 771-A of BCSRs shall be for a period of 90 days from the date of its commencement i.e. shall not be restricted to six weeks from the date of confinment, as at present.

2. As a result of the above decision, reporting of the date of confinement shall not be necessary and the 90 days leave shall be sanctioned finally instead of provisionally as provided in the existing rules.

3. There shall be no change in so far as the existing provisions related to grant of Maternity Leave for Miscarriage or abortion are concerned.

4. These orders, take effect from the date of issue of this G.R.

5. Necessary amendment to BCSRs will be issued in due course.

નોંધ : સ્પષ્ટતા માટે છાપેલ છે.

※ ※ ※

## 31. નિવૃત્તિ સમયે નકરાયેલ રજાનું પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર કરવા અંગે

GCFD No. : LVE/1081/2937/P, Dated 30-11-'81

The para 6 of the G. R. No. LVE-1078-72-P dated the 10-1-'78 (પરિપત્ર નં. 14) has been amended under the G.R. No. LVE-1080/1760/P dated the 23-7-'81. Accordingly, the Government servants who attained the age of retirement on superannuation before 30-9-'77 and were on extension of service on or beyond that age will also be entitled to the benefit of cash payment as provided under G.R. No. LVE-1078-72-P, dated 10-1-'78 (પરિપત્ર નં. 14), on the date of final retirement on expiry of period of extension to extent of the earned leave that had been refused to them at the time of retirement and was allowed to be carried forward into the period of extension plus leave earned during the period of extension reduced by earned leave availed of during such period subject to a maximum of 180 days.

2. Consequent upon the issue of Government orders referred to in para 1 above, a question arose whether earned leave at the credit of a Government servant before extension of his service and earned leave earned during the extended period should have been refused. As the provisions of rule-6 of Revised Leave Rule 1935 read with note 14 below B.C.R.S. 753, stipulate that compulsory retention in service would amount to constructive refusal of leave. Government is pleased to clarify that the leave sanctioning authority should without going into the process of technicality of refusal of earned leave should grant the benefit of cash payment of unutilised earned leave should grant the benefit of cash payment of unutilised earned leave admissible under the provisions of para-2 of G.R. No. LVE-1080/1760/P, dated the 23-7-'81.

※ ※ ※

## 32. પ્રાપ્તરજાઓ 1લી જાન્યુઆરી અને 1લી જુલાઈના રોજ આગોતરી જમા કરવા અંગે

GCFD No. LVE-1082/900/P, Dated. 12-3-'82

In accordance with the GR, FD No. : LVE 1077/1993/P, Dt. 29-9-'77 (પરિપત્ર નં. 13) the leave account of every Government servant is credited with earned leave in advance, in two instalments of 15 days each on the first day of January and July each year. The leave at the credit of the Government servant at the close of the half year is carried forward to the next half year subject to the condition that the leave so carried forward plus the credit for the half year do not exceed the maximum limit of 180 days.

2. It has come to the notice of this Department that some Departments are not following the correct procedure in this regard when a Government servant avails of leave beyond the close of the half year e.g. a Government servant taking 25 days earned leave on 24th December of a year. The correct procedure is to be followed in such cases is that that protion of leave which falls in the half year which is coming to a close is to be deducted from the leave at the credit of the Government servant and the balance leave carried forward to the next half year. The advance credit of 15 days due at the commencement of the next half year be allowed subject to the provision regarding maximum limit of 180 days. That portion of leave which falls in the next half year is then to be debited to the leave account. The following two examples will make the position clear.

**Example I :** A Government servant who has 176 days earned leave at his credit proceeds on Earned leave for 25 days with effect from 24th December. His leave account will be debited/credited as follows :

| | | |
|---|---|---|
| [i] | Earned leave at the credit of the Government servant on 23rd December : | 176 days |
| [ii] | Less Earned leave availed for 8 days from 24-31 December | (–) 8 days |
| | BALANCE on 31st December : | 168 days |
| [iii] | Advance credit of 15 days due on 1st January : | (+) 15 days |
| | Total | 183 days |

(Restricted to 180 days as per provisions of paragraph 2[c] of GRFD dt. 29-9-'77)

| | | |
|---|---|---|
| [iv] | Deduct leave for 17 days availed of by him from 1st to 17th January : | (–) 17 days |
| | BALANCE | 163 days |

**Example II :** A government servant who has to his credit 180 days earned leave proceeds on 29 days earned leave with effect from 30th June, his leave account will be debited/credit as follows :

| | | |
|---|---|---|
| [i] | Earned leave at the credit of the Government servant on 29th June : | 180 days |
| [ii] | Less leave availed of for 30th June : | (–) 1 day |
| | BALANCE : | 179 days |
| [iii] | Add advance credit of 15 days on 1st July : | (+) 15 days |
| | Total : | 194 days |

(Restricted to 180 days as per provisions of paragraph 2[c] of GRFD dt. 19-9-'77)

| | | |
|---|---|---|
| [iv] | Deduct leave for 28 days availed by him from 1st to 28th July | (–) 28 days |
| | BALANCE : | 152 days |

3. The leave account of the Government servant credited/debited otherwise then in accordance with the procedure set out above should be recast in accordance with the procedure described abouve :

*નોંધ : આ પરિપત્ર માર્ગદર્શન માટે છાપેલ છે.*

※ ※ ※

## 33. સ્વૈચ્છિક નિવૃત્તિ, અપરિપકવ નિવૃત્તિ સેવાનો અંત લાવવામાં આવે અને રાજીનામું અથવા સેવા છોડી દેવામાં આવે તે સમયે રજાનું રોકડમાં રૂપાંતર

નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : એનવીએન-1082-જીઓઆઈ-47-પી,
સચિવાલય, ગાંધીનગર, તા. 21-12-'82

**વંચાણે લીધા :**
(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઈ. 1078-72-પી, તા. 10-1-'78 (નં. 14)
(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઈ. 1078-2772-પી, તા. 16-8-'78 (નં. 18)
(3) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઈ. 1078 4006-પી, તા. 27-12-'78 (નં. 19)
(4) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઈ. 1079-1914-પી, તા. 23-7-'79 (નં. 21)
(5) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઈ. 1071-1349-પી, તા. 4-2-'81

**ઠરાવ :** સરકારી કર્મચારીની નિવૃત્તિ સેવાની સમાપ્તિની તારીખે તેના ખાતે જમા વણવપરાયેલી પ્રાપ્તરજા/ અર્ધપગારી રજાના સંદર્ભમાં રજાપગાર જેટલી રોકડ રકમ મંજૂર કરવાની પ્રવર્તમાન જોગવાઈઓમાં સુધારો કરવાનો પ્રશ્ન સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતો. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ આ અંગે નીચે પ્રમાણેના વધુ હુકમો બહાર પાડવાનું ઠરાવ્યું છે :

(1) અપરિપકવ સ્વૈચ્છિક નિવૃત્તિના કિસ્સામાં રજાનું રોકડમાં રૂપાંતર : નિવૃત્ત થતાં અથવા સરકારને નોટિસ આપીને સેવામાંથી નિવૃત્ત થતા અથવા સરકાર દ્વારા નોટિસ આપીને અથવા તેની સેવાની શરતો અને બોલીઓને આધીન આવી નોટિસના બદલામાં પગાર અને ભથ્થાં આપીને નિવૃત્ત કરવામાં આવતા સરકારી કર્મચારીને તેને રજા મંજૂર કરવા સક્ષમ અધિકારી તેના ખાતે જમા પ્રાપ્તરજા વધુમાં વધુ 180 દિવસ અને બધી જ અર્ધપગારી રજાની બાબતમાં રજાપગાર જેટલી રોકડ રકમ મંજૂર કરશે. પરંતુ આ સમય, સરકારી કર્મચારી જે તારીખે નિવૃત્ત થયેલ હોય અથવા નિવૃત્ત કરેલ હોય અને તેની સેવાની શરતો અને બોલીઓને આધીન નક્કી કરેલ વયે પહોંચીને સામાન્ય રીતે નિવૃત્ત થયેલ હોય તે બે વચ્ચેના સમય કરતાં વધવો જોઈએ નહિ. રોકડ રકમ પ્રાપ્તરજા પર મળવાપાત્ર રજાપગાર અને/અથવા અર્ધપગારી સેવામાંથી નિવૃત્ત થયેલ હોય અથવા નિવૃત્ત કરેલ હોય તે તારીખે અમલમાં હોય તે દરે મોંઘવારી-ભથ્થા સહિતની રહેશે. પેન્શન અને નિવૃત્તિના બીજા લાભોનું સમકક્ષ પેન્શન અને પેન્શન ઉપરના હંગામી વધારાની રકમ, અર્ધપગારી રજાના સમય માટે, રજાપગાર જેટલી ચૂકવવાપાત્ર રોકડ રકમમાંથી કપાત કરવામાં આવશે. આ પ્રમાણે ગણતરી કરેલ રકમ એક જ સમયે ઉચ્ચક રકમ તરીકે ચૂકવવામાં આવશે. ઘરભાડાં-ભથ્થું અને શહેરી વળતર-ભથ્થું ચૂકવવાપાત્ર રહેશે નહિ.

પરંતુ જો અર્ધપગારી રજા માટેનો રજાપગારનો ભાગ, પેન્શન અને પેન્શનના બીજા લાભો કરતા ઓછો થાય તો અર્ધપગારી રજાની રોકડ રકમ મંજૂર કરવી નહિ.

(2) આ હુકમો વિભાગની ફાઈલક્રમાંક : બમશ-1386-26-ગ, ઉપર નાણાં વિભાગના તા. 9-3-'82 ની નોંધથી મળેલ અનુમતિ બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, કે. વી. જોષી
નાયબ સચિવ, નાણાં વિભાગ

* * *

## 34. રજાના રોકડના રૂપાંતરની રકમને ઈન્કમટેક્સ એક્ટ 89(1) મુજબ મુક્તિ આપવા અંગે

GCFD No. ICT-1086/GOI-1/F dated 6-1-'86

A copy of Government of India, Central Board of Direct Taxes Circular No. 431 No. F.174/43/82-IT [AT], dated 12-9-'80 regarding Deducation of Tax at Source-Income Tax Deduction from Salaries during the financial year 1985-'86. Leave Encashment Salary while in service-Eligiblitiy, for relief under section 89[1] of the Income Tax Act, 1961. CIRCULAR No. 431 F.No. :174/82-IT [AI] Government of India, Central Board of Direct Taxes, New Delhi, Dated 12-9-'85.

Encashment Salary while in service-Eligibility for relief under section 89[1] of the Income-tax, 1961.

Section 89C[1] of the Income Tax Act, 1961 provides for relief to an assessee when salary etc. is paid in arrears or in advance to if he receives in one financial year salary for more then 12 months or a payment which under the provision of clause [3] of Section 17 is a profit in lieu of salary and therefore, his income is assessed at a rate higher than at which it would have otherwise been assessed. This relief is granted by the Imcome Tax Officer on an application made to him in this behalf.

2. The question of admissibility of relief under section 89[1] in respect of amounts received on encashment of leave salary while in service was considered by the Board. The Board are advised that relief under sectioin 89[1] of the Income Tax Act, 1961 read with Rule-21-A of the Rules would be admissible in respect of encashment of leave

salary by an employee when in service. The encashment of leave salary on retirement whether by an employee when in service. The encashement of leave salary or superannuation or otherwise has already been exempted by insertion of calsue (10AA) in Section 10 by the Finance Act, 1982 with effect from 1-4-'78.

❋ ❋ ❋

## 35. બી.એડ્.ની પ્રાયોગિક પરીક્ષામાં પરીક્ષક તરીકે કામ કરતા માધ્યમિક શાળાના શિક્ષકો/ આચાર્યોને વધારાની પરચૂરણ રજા મંજૂર કરવા અંગે

ક્રમાંક : મશબ-જી-7/રજા/3275/3344, તા. 24-4-'86

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

જયભારતસહ ઉપરોક્ત વિષયમાં જણાવવાનું કે, બી.એડ્.ની પ્રાયોગિક પરીક્ષા માટે જે માધ્યમિક શાળાના શિક્ષકો/આચાર્યોને સેવામાં લેવામાં આવે છે, તેઓને ખાસ વધારાની પરચૂરણ રજા મળવા સંબંધમાં બોર્ડ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ સંબંધમાં બોર્ડની તા. 20-3-'86ની કારોબારી સમિતિએ નીચે જણાવ્યા પ્રમાણે ઠરાવેલ છે :

''બી.એડ્.ની માર્ચ-'86 અને ત્યારપછી પ્રાયોગિક પરીક્ષામાં કામ કરતા શિક્ષકો/આચાર્યોને ખાસ વધારાની રજા મંજૂર કરવા સંબંધમાં રજૂ થયેલ દરખાસ્ત મંજૂર રાખવામાં આવી તથા આ અંગે જરૂરી પરિપત્ર પાઠવવો તેવું ઠરાવવામાં આવ્યું.''

સબબ ઉપરોક્ત ઠરાવ અંગેની જાણ આપના જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓના વડાશ્રીઓને તાત્કાલિક કરવા વિનંતી છે.

સહી, સત્તાધિકારી

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

❋ ❋ ❋

## 36. બિનસરકારી માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓને નિવૃત્તિ સમયે વણવપરાયેલ જમાપ્રાપ્તરજા, અર્ધપગારી રજા વગેરેનું રોકડમાં રૂપાંતર મળવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-1368-3443-ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. 14-8-'86

***વંચાણે લીધા :*** *(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઈ 1078-72-પી, તા. 10-1-'78 (નં. 14)*

*(2) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-1179-6632-ગ, તા. 7-2-'80 (નં. 24)*

*(3) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એનવીએન-1082-જીઓઆઈ-47-પી, તા. 21-12-'82 (નં. 32)*

**ઠરાવ :** બિનસરકારી માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓને જે પ્રાપ્તરજાઓ મળવાપાત્ર છે તેનું રોકડમાં રૂપાંતર કરવા અંગેના હુકમો આ વિભાગના તા. 7-2-'80 ના ઠરાવથી કરવામાં આવ્યા છે. સરકારી કર્મચારીઓ તેમની નિવૃત્તિ માટે નિયત કરવામાં આવેલી સમયમર્યાદા પ્રાપ્ત કરે તે સમયે, તેમની સ્વૈચ્છિક અપરિપક્વ નિવૃત્તિના સમયે, તેમની સેવાઓની નોટિસ કે નોટિસના બદલામાં પગાર અને ભથ્થાં ચૂકવીને કે અન્યથા તેમની નિમણૂકની બોલીઓ અને શરતો મુજબ અંત લાવવામાં આવે તે સમયે, તેઓ રાજીનામું આપે કે નોકરી છોડી દે તે સમયે તેમના ખાતે જમા પ્રાપ્તરજા, અર્ધપગારી રજાનું રોકડમાં રૂપાંતર કરવા અંગેના જે લાભ તેમને નાણાં વિભાગના તા. 10-1-'78 અને તા. 21-12-'82 ના ઠરાવોથી આપવામાં આવ્યા છે તેવા લાભો બિનસરકારી માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓને આપવાનો પ્રશ્ન છેલ્લા કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતો. કાળજીપૂર્વકની વિચારણાને અંતે નાણાં વિભાગના ઉપરોક્ત બંને ઠરાવો વખતોવખતના સુધારાવધારા સહિત, સહાયિત માન્ય બિનસરકારી માધ્યમિક શાળાઓના પૂરા સમયના બિનશૈક્ષણિક કર્મચારીઓને લાગુ પાડવાનું સરકાર આથી ઠરાવે છે.

વધુમાં નોટિસના બદલામાં પગાર અને ભથ્થાં આપીને નિવૃત્ત કરવામાં આવતા સરકારી કર્મચારી, આવા પગાર અને ભથ્થાં આપ્યાં હોય તે મુદત દરમિયાન રજા માટે અરજી કરે અને જો તેને રજા મંજૂર કરવામાં આવે તો, જે સમય માટે નોટિસના બદલે પગાર અને ભથ્થાં ચૂકવવામાં આવેલ હોય તે સમયને બાદ કરીને રજાના

સમય માટે રજાપગાર ચૂકવવામાં આવશે.

(2) **નોટિસ આપીને સેવાનો અંત લાવવામાં આવે વગેરે :** જ્યારે નોટિસથી અથવા નોટિસના બદલે પગાર અને ભથ્થા ચૂકવીને અથવા અન્ય કોઈ રીતે તેની નિમણૂકની બોલીઓ અને શરતો અનુસાર સરકારી કર્મચારીની સેવાઓનો અંત લાવવામાં આવે ત્યારે, તેને રજા મંજૂર કરવા સક્ષમ અધિકારી તેની સેવાની સમાપ્તિની તારીખે તેના ખાતે જમા પ્રાપ્તરજાની બાબતમાં વધુમાં વધુ 180 દિવસ સુધીની રજાની રોકડ રકમ મંજૂર કરશે.

(3) **રાજીનામું અથવા સેવા છોડી જતી વખતે રજાનું રોકડમાં રૂપાંતર :** સરકારી કર્મચારી રાજીનામું અથવા સેવા છોડી દે, તો તેને રજા મંજૂર કરવા સક્ષમ અધિકારી, તેની સેવાની સમાપ્તિની તારીખે તેના ખાતે જમા પ્રાપ્તરજાની બાબતમાં આવી જમા પ્રાપ્તરજાની અડધી રજા પરંતુ 90 દિવસની મર્યાદામાં રજાની રોકડ રકમ મંજૂર કરશે.

(4) પેરા-2 અને 3 નીચેના કિસ્સાઓમાં રોકડ રકમ પ્રાપ્તરજા પર મળવાપાત્ર રજાપગાર વત્તા આ રજાપગાર પર સરકારી કર્મચારીની સેવામાંથી સમાપ્તિની તારીખે અમલમાં હોય તે દરે મોંઘવારી ભથ્થા સહિતની રહેશે. આ રીતે ગણતરી કરેલી રકમ એક જ સમયે ઉચ્ચક રકમ તરીકે ચૂકવવામાં આવશે. શહેરી વળતર-ભથ્થું અને / અથવા ઘરભાડા-ભથ્થું ચૂકવવાપાત્ર રહેશે નહિ.

(5) આ હુકમો તા. 1-4-'82 થી અમલમાં આવશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, બી. વી. નિનામા
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 37. એક કરતાં વધુ બાળકો હયાત ન હોય તેવાં મહિલાકર્મચારીને પ્રસૂતિની રજા આપવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : મશબ/1082/22522-છ,
સચિવાલય, ગાંધીનગર, તા. 6-2-'88

***વંચાણમાં લીધા :*** *(1) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડનો પત્રાંક : મશબ/જનરલ/વિનિયમ-31899, તા. 15-6-'87.*

*(2) નાણાં વિભાગનો આદેશક્રમાંક : એલવીઈ-1081-29. પી., તા. 16-2-'81. (નં.30)*

ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974ના વિનિયમ 30(6)(એ) મુજબ ''જે મહિલાકર્મચારીએ એક વર્ષ કરતાં વધારે નોકરી કરી હોય અને જેને ત્રણ કે તેથી વધારે બાળકો ન હોય તેને પ્રસૂતિ અંગેની રજા મંજૂર કરી શકાશે. પ્રસૂતિ અંગેની રજા તેની શરૂઆતની તારીખથી ત્રણ મહિનાની આખર સુધી અથવા પ્રસૂતિની તારીખથી છ અઠવાડિયાંની આખર સુધી — એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીની મુદત માટે મંજૂર કરી શકાશે.'' આ વિનિયમમાં સરકારશ્રીની કુટુંબનિયમોજન બાબતની પ્રવર્તમાન નીતિને તથા રજાના સમયને લક્ષમાં રાખીને જરૂરી સુધારો કરવાની ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના આમુખ નાણાં વિભાગના 1માં દર્શાવેલ પત્રથી રજૂઆત કરવામાં આવેલ; જે પર આમુખ-2માં દર્શાવ્યા અનુસારના ઠરાવના સંદર્ભે પુખ્ત વિચારણાને અંતે સદરહુ વિનિયમની કલમ-30(6)(એ)ને બદલે નીચે મુજબના આદેશો આમેજ કરવાનું આથી ઠરાવવામાં આવે છે :

ઠરાવ વિનિયમ ક્રમાંક : 30(6) (એ) જે મહિલાકર્મચારીએ એક વર્ષ કરતાં વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલાકર્મચારીને જ 90 દિવસની પ્રસૂતિની રજા મંજૂર કરી શકાશે.

(3) આ આદેશો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણાં વિભાગની તા. 6-10-'87ની નોંધથી મળેલ સંમતિ અનુસાર બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એ. બી. ગરસિયા,
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 38. તા. 6-2-'88ના પરિપત્રની જાણ કરવા અંગે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મશબ/જી/વિ.સુધારો/1925-'43
સેક્ટર 10 બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા. 22-2-'88

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

***સંદર્ભ :*** *સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : મશબ/1082/22522/છ, તા. 6-2-'88.*

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974ના વિનિયમ 30(6)(A) સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : મશબ/1082/22522/છ, તા. 6-2-'88થી જે સુધારો થયેલ છે તે આ સાથે સામેલ છે, તો તે અંગેની જાણ આપના જિલ્લાની તમામ માધ્યમિક શાળાઓના વડાશ્રીને કરવા વિનંતી છે.

સહી, સચિવ,
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

※ ※ ※

## 39. બિનસરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફને નિવૃત્તિ વખતે નકારાયેલી જમા રહેલી પ્રાપ્તરજાનું રોકડમાં ચુકવણું કરવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ,
5, સરદાર ભવન, 7મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર, તા. 22-8-'88

પ્રતિ, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય,
જૂના સચિવાલય, ગાંધીનગર

ઉપરોક્ત વિષય અંગેના આપના ય.સ.પત્રક્રમાંક : અનુ-1-5-9937, તા. 16-8-'88ના અનુસંધાનમાં જણાવવાનું કે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974ના વિનિયમ 30(7) મુજબ બિનસરકારી માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને શાળાના હિતમાં રજા દરમિયાન કામગીરી માટે ફરજ પડી હોય તો તેમને બજાવેલ કામગીરીના દિવસો જેટલી અને એક વર્ષમાં વધુમાં વધુ 30 દિવસની મર્યાદામાં પ્રાપ્તરજા મળવાપાત્ર થાય છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974ના વિનિયમ 31(2) મુજબ કોઈપણ કર્મચારીની તેને ખાતે જમા રહેલી રજા તેની નિવૃત્તિની તારીખથી રદ થાય છે, પરંતુ નિવૃત્તિ પહેલાં પૂરતા પ્રમાણમાં તેમણે રજા માટે વિધિસર અરજી કરી હોય અને શાળાના હિતમાં તેમની રજા નકારવામાં આવી હોય તો આવી નકારાયેલી વધુમાં વધુ ચાર મહિનાની મુદત સુધીની રજાઓ નિવૃત્તિવય પછી મંજૂર કરી શકાય તેવી જોગવાઈ છે.

(2) બિનસરકારી માધ્યમિક શાળાઓના સ્ટાફની રજા મંજૂર કરવાની મૂળ સત્તા સંચાલકમંડળની છે, પરંતુ નિવૃત્તિવય પછી રજા મંજૂર કરવી તે બીજા અર્થમાં પુનઃ નિયુક્તિ જ કહેવાય. તેથી આવી રજાઓ મંજૂર કરી શકાય નહિ. જો કર્મચારીની નિવૃત્તિ બાદ સંચાલકમંડળ આવી રજા મંજૂર કરે તો તેનો પગાર સંચાલકમંડળે ચૂકવવાનો થાય અને તેના પર ગ્રાન્ટ પણ મળી શકે નહિ. કારણકે સંચાલકમંડળ તે જે શૈક્ષણિક કર્મચારી જ્યારે રજાની માંગણી કરે ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા કરીને રજા મંજૂર કરે તો નિવૃત્તિ સમય પહેલાં મંજૂર કરેલ રજાનો પગાર ગ્રાન્ટને પાત્ર રહી શકે, પરંતુ નિવૃત્તિ બાદ જો રજા મંજૂર કરવામાં આવે તો તે રજાનો પગાર સંચાલક મંડળે જ ચૂકવવાનો થાય, આમ ગ્રાન્ટ-ઈન-એઈડ કોડની કલમ-81(5) મુજબ ફરીથી નોકરીમાં લેવાયેલી વ્યક્તિઓ દ્વારા નિયત થયેલાં પગારધોરણો અને ભથ્થાં વગેરે માટે હક્કદાર રહે નહિ.

સહી, એમ. સી. વાઘેલા
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

※ ※ ※

## 40. શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક સ્ટાફને 240 દિવસ સુધી હક્કરજા મળવાપાત્ર થવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ/1088/752-89-ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. 17-4-'89

***વંચાણમાં લીધો :*** *સચિવશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો પત્રક્રમાંક/મશબ/ગ/મિ/વિનિ-જનં/1/10693/17, તા. 19-11-1988.*

**ઠરાવ :** ગુજરાત રાજ્યના માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 (સને 1973ના ગુજરાત રાજ્યના 18મા)-ની કલમ 53ની પેટા કલમ (3)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર માધ્યમિક શિક્ષણ અધિનિયમ 1972 હેઠળ કરેલા માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974માં નીચેનો ફેરફાર મંજૂર કરેલ છે :

(1) વિનિયમ ક્રમાંક 30(7) : વિદ્યમાન વિનિયમ ક્રમાંક (30) (7) (ક)ને બદલે નીચેનો વિનિયમ મૂકવો.

''કોઈપણ શૈક્ષણિક વર્ષ માટે અધ્યાપકીય સ્ટાફના કાયમી સભ્યને મળવાપાત્ર હક્કરજાને વર્ષ માટે તેને કામ કરવાની ફરજ પડી હોય તે વર્ષમાં આવતા વેકેશનના દિવસો જેટલી હોવી જોઈએ નહિ. વધુમાં આવા સભ્યોને તેની લેણી નીકળતી હક્કરજા 240 દિવસની થાય કે તરત જ હક્કરજા પ્રાપ્ત થતી બંધ થશે.''

(2) વિનિયમ ક્રમાંક 30(7) (ખ) : વિદ્યમાન વિનિયમ ક્રમાંક : 30(7) (ખ)ને બદલે નીચેનો નવો વિનિયમ મૂકવો :

''બિનઅધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય (પ્રથમ આચાર્ય) કોઈપણ વેકેશન માટે હક્કદાર થશે નહિ; પણ નોકરીનાં પૂરાં વર્ષ માટે 30 દિવસ લેખે ફરજના વર્ષદીઠ હક્કરજા મળશે.''

પરંતુ આવા સભ્યને તેની 240 દિવસની હક્કરજા લેણી થાય એટલે તરત જ હક્કરજા મળતી બંધ થશે.

(3) આ ફેરફાર ઠરાવ રવાના થાય તે તારીખથી અમલમાં આવશે.

(4) આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. 30-1-'89ની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, બી.વી. નિનામા,

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 41. સરકારી / બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકોને મતદારયાદી / ચૂંટણીના કામે વેકેશન દરમિયાન કામગીરી માટે રોકવામાં આવે ત્યારે વળતરરજા મંજૂર કરવા અંગે

શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-1386/3922-ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. 28-8-'89

*વંચાણે લીધા :*

*(1) શિક્ષણ વિભાગનો પરિપત્ર : પીઆરઈ-1388/2315-ક, તા. 19-9-'88.*

*(2) સામાન્ય વહીવટ વિભાગનો યુઓઆર ફાઈલક્રમાંક : ઈએલઆર-1288/6871, તા. 16-1-'71*

*(3) ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરીનો પત્રક્રમાંક : ક્મા-2/2934/35*

**ઠરાવ :** ઉપર આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. 19-9-'88ના પરિપત્રથી વેકેશન દરમિયાન ચૂંટણીના કામ માટે રોકવામાં આવેલ પ્રાથમિક શિક્ષકોને જેટલા સમયગાળા માટે રોકવામાં આવ્યા હોય, તેટલા સમયગાળાની મુંબઈ મુલકી સેવા નિયમોના નિયમ-9 મુજબ વળતરરજા મંજૂર કરવાના હુકમો કરવામાં આવ્યા છે. પ્રાથમિક શિક્ષકોની જેમ સરકારી તેમ જ બિનસરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોએ પણ સરકારમાં રજૂઆત કરતાં, સામાન્ય વહીવટ વિભાગે તેમની આમુખમાં દર્શાવેલ યુ.ઓ.આર. ફાઈલની દરખાસ્ત ઉચ્ચ શિક્ષણ નિયામકના આમુખમાં દર્શાવેલ પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે ઉપરોક્ત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણા બાદ સરકારે બિનસરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોને પણ પ્રાથમિક

શિક્ષકોને જે રીતે પ્રાપ્તરજાના લાભ આપવામાં આવ્યા છે, તે રીતે વેકેશનના સમય દરમિયાન ફરજિયાત રોકવામાં આવે ત્યારે તેઓએ નહિ ભોગવેલ વેકેશનના સમયગાળા માટે તેઓના ખાતે રજાઓ જમા કરવા માટે જે-તે સુધારેલા રજાના નિયમોમાં મુંબઈ મુલકી સેવા નિયમોના નિયમ-9 હેઠળ વેકેશન વિભાગના કર્મચારીઓ માટે કરવામાં આવેલ જોગવાઈને અનુરૂપ કાર્યવાહી કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

2. આ હુકમો આ વિભાગની ફાઈલક્રમાંક : બમશ-1389/440-ગ ઉપર નાણાં વિભાગની તા. 13-6-'89 ની નોંધથી કરેલ સ્પષ્ટતા બાદ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, જ. મ. સુતરિયા

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 42. એક કરતાં વધુ બાળકો હયાત ન હોય તેવાં મહિલા કર્મચારીને પ્રસૂતિરજા આપવા અંગે

શિક્ષણ વિભાગ, ક્રમાંક : મશબ-1082/22522-છ,

ગાંધીનગર, તા. 22-12-'89

પ્રતિ, શ્રી પ્રવીણસિંહ જે. રાણા (પ્રમુખ)
સુરેન્દ્રનગર જિલ્લા બિનસરકારી માધ્યમિક શાળા શિક્ષકેતર કર્મચારીસંઘ,
શ્રીમતી એમ.ટી. દોશી હાઈસ્કૂલ,
વઢવાણ સીટી-363 020, જિ. સુરેન્દ્રનગર

મહાશય,

ઉપર્યુક્ત વિષય પરત્વેના આપના તા. 7-8-'89ના પત્રના અનુસંધાનમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે આ વિભાગે ઠરાવક્રમાંક : મશબ-1082/22522-છ, તા. 6-2-'88 *(નં.38)* સ્વયંસ્પષ્ટ છે, એટલે કે જે મહિલાકર્મચારીને (પરિપત્ર નં. 39)એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવી મહિલાકર્મચારીને 90 દિવસની પ્રસૂતિની રજા મંજૂર કરી શકાશે. પ્રસૂતિની સંખ્યાને ધ્યાનમાં રાખવાની થશે નહિ તે જાણશો.

સહી, એસ. બી. ગરાસિયા

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 43. બિનશૈક્ષણિક કર્મચારીઓને તા. 1-7-'86 થી 240 દિવસ સુધીની હક્કરજા મળવાપાત્ર થવા અંગે

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-1088/3167 (89)-ગ

સચિવાલય, ગાંધીનગર, તા. 22-5-'90

***વંચાણમાં લીધો :*** *શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-1088-752- (89)-ગ, તા. 17-4-'89. (પરિપત્ર નં. 40)*

**ઠરાવ :** માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારી અને આચાર્યને હક્કરજા બાબતના ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક : 30 (7) (ક) અને (7) (ખ)માં ઉક્ત વંચાણમાં લીધેલ તા. 17-4-'89 (પરિપત્ર નં. 40)ના ઠરાવથી જરૂરી ફેરફાર મંજૂર કરવામાં આવ્યા છે અને તે જ ઠરાવના ફકરા-2થી ઠરાવની તારીખથી અમલમાં આવશે તેની જોગવાઈ કરવામાં આવી છે.

બિનસરકારી માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓને સરકારી કર્મચારીઓના ધોરણે તા. 1-7-'86 થી 240 દિવસ સુધીની હક્કરજા એકઠી કરવાની જોગવાઈઓનો લાભ મળે તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી. યોગ્ય વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, તા. 17-4-'89ના ઠરાવક્રમાંક : બમશ-1088/752 (89)-માગનો ફકરો રદ કરી તે નીચે મુજબ વાંચવો :

2. આ ફેરફાર બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે તા. 1-7-'86થી અને આચાર્ય (પ્રથમ આચાર્ય)ના કિસ્સામાં તેમના સંબંધમાં ઠરાવ રવાના થયાની તારીખથી એટલે કે તા. 17-4-'89થી અમલમાં આવશે.

આ હુકમ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. 24-1-'90ની સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, જ. મ. સુતરિયા,
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ.

❊ ❊ ❊

## 44. સરકારી તથા બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્તરજાઓનું નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ક્રમાંક : બશમ-1390/51/ભાગ-2-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 4-8-'90

**ઠરાવ :** ગુજરાત શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા શિક્ષકોને નિવૃત્તિ સમયે સરકારી કર્મચારીઓને જેમ જમા રજાઓનું રોકડમાં રૂપાંતર કરવાનો લાભ મળતો ન હોઈ, અર્ધપગારી રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા દેવાની માંગણી રજૂ કરવામાં આવી હતી. શિક્ષકોની આ માંગણી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે રાજ્યના બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો તથા આચાર્યોને પ્રાપ્તરજા તેમ જ અર્ધપગારી રજા જમા હોય તો તેની અડધી રજાઓ પૂરા પગારની ગણીને બંને મળીને કુલ 240 દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતર કરી આપવાનું ઠરાવવામાં આવે છે.

2. આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. 7-1-'90ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, બા. છ. યાદવ
ઉપસચિવ, શિક્ષણ વિભાગ

❊ ❊ ❊

## 45. જિલ્લાપંચાયત હસ્તકના પ્રાથમિક શાળાના શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્તરજા અને અર્ધપગારની રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા અંગે

શિક્ષણ વિભાગ ઠરાવક્રમાંક : પીઆરઆઈ-1190-આઈબી-36-ક, તા. 28-8-'90

ગુજરાત શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા શિક્ષકોને નિવૃત્તિ સમયે સરકારી કર્મચારીઓની જેમ જમા પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર કરવાનો લાભ મળતો ન હોઈ અર્ધપગારી રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા માટેની રજૂ કરવામાં આવેલી માંગણી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે રાજ્યની જિલ્લાપંચાયત હસ્તકના પ્રાથમિક શાળાના શિક્ષકો તથા આચાર્યોને તેમની નિવૃત્તિ સમયે તેના ખાતે જમા પ્રાપ્તરજા તથા અર્ધપગારની રજાઓ જમા હોય તો તેની અર્ધી રજાઓ પૂરા પગારની ગણીને બંને મળી કુલ 240 દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતર કરી આપવાનું ઠરાવવામાં આવે છે.

2. આ હુકમો આ વિભાગની ફાઈલક્રમાંક પીઆરઈ-1199-આઈબી-36-ક, ઉપર નાણાં વિભાગની તા. 7-7-'90ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, શામજી પટેલ
સંયુક્ત સચિવ, નાણાં વિભાગ

❊ ❊ ❊

## 46. સરકારી તથા બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો તથા આચાર્યની પ્રાપ્તરજાનું નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ક્રમાંક : બમશ-1390/51/ભાગ-2-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 4-9-'90

*વંચાણે લીધો : શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-1390/51/ભાગ-2-ગ, તા. 4-8-'90.* (નં.44)

**ઠરાવ** : ગુજરાત શૈક્ષણિક સંકલન સમિતિ દ્વારા શિક્ષકોને નિવૃત્તિ સમયે સરકારી કર્મચારીઓ જેમ જમા પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર કરવા દેવાની માંગણી રજૂ કરવામાં આવી હતી. આ માંગણી અંગે વિચારણા કરીને સરકારી શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : બમશ-1390/51/ભાગ-2-ગ, તા. 4-8-'90 થી આ બાબતમાં હુકમો કર્યા હતા. આ ઠરાવની જોગવાઇઓ બાબત કેટલીક સ્પષ્ટતાઓ/માંગણીઓ આવતા તે ઠરાવ રદ કરીને (Supersede) નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

2. સરકારી/બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના વેકેશન ભોગવતા શિક્ષકો તેમ જ આચાર્યોના રજાના હિસાબમાં અર્ધા પગારની રજાની અવેજીમાં પ્રત્યેક વર્ષના જાન્યુઆરી અને જુલાઇના પ્રથમ દિવસે અનુક્રમે પાંચ દિવસનો એક એવા બે હપ્તારજા અગાઉથી જમા કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આમ આખા વર્ષ દરમિયાન આ રીતે જમા થનાર હક્કરજા દસ દિવસથી વધશે નહિ.

3. સરકારી કર્મચારીઓને લાગુ પડતા અગાઉથી જમા પ્રાપ્તરજા જમા કરાવવાના નિયમો સરકારી તથા બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને અને આચાર્યોને પણ લાગુ પડશે.

4. આ શિક્ષકો/આચાર્યો તેમની નિવૃત્તિ સમયે આ ઠરાવ મુજબ તેમના ખાતે (1) જમા પ્રાપ્તરજાઓ તથા (2) તા. 30-6-'90 ના રોજ અર્ધપગારની રજા હોય તેને અડધી રજાઓ પૂરા પગારની ગણીને બન્ને મળી કુલ 240 દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતર કરી આપવાનું ઠરાવવામાં આવે છે.

5. આ હુકમો તા. 1-7-'90 થી અમલમાં આવશે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. 4-9-'90 ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, બા. છ. યાદવ
ઉપસચિવ, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 47. રજાના રોકડમાં રૂપાંતરનો તફાવત મેળવવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-1390/અં. 8-ગ,
ગાંધીનગર, તા. 17-1-'91

પ્રતિ, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ઉપરોક્ત વિષયના અનુસંધાને આજ્ઞાનુસાર જણાવવાનું કે ગુજરાત રાજ્ય બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ચોથા વર્ગ કર્મચારી મહામંડળના હોદ્દેદારોએ સરકારમાં રજૂઆત કરેલ હતી કે, 1986ના વર્ષમાં જેઓએ રજાનું રોકડમાં રૂપાંતર મેળવેલ હોય તેઓને જૂના પગારધોરણમાં ચુકવણી કરેલ છે. નવું પગારધોરણ તા. 1-1-'86 થી અમલમાં આવેલ હોઇ, 1986 ના વર્ષમાં રજાનું રોકડમાં રૂપાંતર મેળવેલ હોય તેને જૂના અને નવા પગારધોરણ વચ્ચેનો તફાવત મળવો જોઇએ. આ બાબતે જરૂરી કાર્યવાહી કરી તેની અગ્ર જાણ કરવા વિનંતી છે.

સહી, પીનાકીન પંચાલ
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

*નોંધ : પગારધોરણ બદલાતા નવા પગારધોરણ મુજબ તફાવત મળવાપાત્ર છે. તેની જાણકારી માટે આ જી. આર. છાપેલ છે.*

❋ ❋ ❋

## 48. ચૂંટણીના કામે રોકાતા સરકારી તથા બિનસરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકોને વળતરરજા મંજૂર કરવા અંગે

શિક્ષણ વિભાગ, પત્રક્રમાંક : બમશ 1391/849/ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 25-3-'91

પ્રતિ,
1. શ્રી એ. કે. જ્યોતિ, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
2. શ્રી. એ. જે. શુક્લ, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

શ્રીમાન,

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ મે-1991માં યોજાવાની શક્યતા છે. ચૂંટણી માટે મોટી સંખ્યામાં કર્મચારીઓની જરૂરિયાત રહેશે. મતદાનના દિવસ પહેલાં આ કર્મચારીઓને તાલીમ પણ આપવી પડશે. સામાન્ય રીતે મતદાન મથકોમાં ચૂંટણી અંગેની કામગીરી માટે મહદ્ અંશે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના કર્મચારીઓની સેવાઓ લેવામાં આવે છે. ચૂંટણીની તારીખ અને આ કર્મચારીઓને તાલીમ આપવાના સમયગાળા વખતે શૈક્ષણિક સંસ્થાઓમાં ઉનાળુ વેકેશન હશે. આથી જે શિક્ષકોને ચૂંટણી અંગેની કામગીરી સુપરત કરવાની હોય તેઓ તેમના હેડ ક્વાર્ટર્સમાં ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવાનું જરૂરી છે. આ બાબતમાં શિક્ષણ વિભાગના તા. 19-9-'88ના પરિપત્રક્રમાંક : પી.આર.આઈ./1388/2315/ક, અન્વયે પ્રાથમિક શિક્ષકો બાબતમાં અને તા. 28-8'89ના ઠરાવક્રમાંક : બમશ/1389/3922/ગ, અન્વયે સરકારી, બિનસરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકો બાબતમાં વેકેશન દરમિયાન ચૂંટણીકામ માટે રોકવામાં આવે ત્યારે તેઓએ નહિ ભોગવેલ વેકેશનના સમયગાળા માટે તેઓના ખાતે રજાઓ જમા કરવા માટે જે-તે સમયે સુધારેલા રજાઓના નિયમોમાં મુંબઈ મુલકી સેવા નિયમોમાં નિયમ હેઠળ વેકેશન વિભાગના કર્મચારીઓ માટે કરવામાં આવેલ જોગવાઈઓને અનુરૂપ કાર્યવાહી કરવાની મંજૂરી આપવામાં આવી છે તે તરફ આપનું ધ્યાન દોરી જણાવવાનું કે આ જોગવાઈઓનો ઉપયોગ કરવા વિનંતી છે.

સહી, જે. આઈ. સાકરિયા,
નાયબ સચિવ, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 49. રાજ્યની તમામ શાળાના શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્તરજા તથા અર્ધપગારી રજાનું નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવા દેવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : એલવી ઈ-1090-(ડી-30)-5,
તા. 26-3-'91

***વંચાણમાં લીધા :***
*(1) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-1390-50-ભાગ-1/2/ગ, તા. 4-8-'90 (પરિપત્ર નં. 44)*
*(2) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : પી.આર.ઈ.-1190-આઈબી-36--ક, તા. 28-8-'90 (પરિપત્ર નં. 45)*
*(3) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : પીઆરઈ-1190-ક, તા. 30-8-'90*
*(4) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-1930-51-ભાગ-2-ગ, તા. 4-9-'90. (પરિપત્ર નં. 46)*

**ઠરાવ :** આમુખમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના જુદા જુદા ઠરાવોથી રાજ્યની સરકારી તથા બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા જિલ્લાપંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યોના ખાતે જમા પ્રાપ્તરજા તથા અર્ધપગારી રજાઓનું તેમની નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવા દેવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. ઉપર જણાવેલ અલગ અલગ ઠરાવોના કારણે બિનજરૂરી ગેરસમજ અને ગુંચવણ થવાની શક્યતાઓ નિવારવાના આશયથી ઉપરના તમામ ઠરાવો રદ કરીને રાજ્ય સરકાર હવે નીચે મુજબ ઠરાવે છે :

(2) ગુજરાત રાજ્યમાં આવેલ તમામ સરકારી તથા બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તથા જિલ્લાપંચાયત-નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યોને (શૈક્ષણિક કર્મચારીઓને) નીચે દર્શાવેલ કિસ્સાઓમાં રજાઓનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનું ઠરાવવામાં આવે છે.

(1) નિવૃત્તિવયે પહોંચવાના કારણસર નિવૃત્ત થયેલ શિક્ષક અને આચાર્યના કિસ્સામાં.

(2) વયનિવૃત્તિ બાદ જાહેર હિતમાં પુનઃનિયુક્તિ પામતા આચાર્ય અને શિક્ષકને તેમની પુનઃનિયુક્તિની મુદત પૂરી થયા બાદ.

(3) સ્વૈચ્છિક નિવૃત્તિ/અપરિપક્વ નિવૃત્તિના સમયે.

(4) નિમણૂકની શરતો અનુસાર નોટિસ આપીને સેવાનો અંત લાવવામાં આવે તે કિસ્સામાં.

(5) વયનિવૃત્તિ બાદ પુનઃનિયુક્તિથી નીમવામાં આવેલ આચાર્ય અને શિક્ષકની સેવાનો અંત લાવવામાં આવે ત્યારે.

(6) ચાલુ સેવા દરમિયાન અવસાન પામનાર આચાર્ય અને શિક્ષકના વારસદારોને.

(7) અશક્તતા પેન્શન ઉપર ઊતરનાર આચાર્ય અને શિક્ષકને.

ઉપર જણાવેલ કિસ્સાઓમાં તેમાં જણાવ્યા પ્રમાણેની ઘટના સમયે આચાર્ય અને શિક્ષકના ખાતે જમા રહેલી બધી પ્રાપ્તરજા તથા જમા રહેલી અર્ધપગારી રજાના અડધા ભાગની રજા — એમ બંને મળી કુલ 240 (બસો ચાલીસ) દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનું આથી ઠરાવવામાં આવે છે.

(3) બઢતી/બદલી કે અન્ય કારણસર વેકેશન ડિપાર્ટમેન્ટમાંથી નોનવેકેશન ડિપાર્ટમેન્ટમાં નિયુક્તિ મેળવનાર શિક્ષક કે આચાર્યની તેઓ વેકેશન ડિપાર્ટમેન્ટમાં હોય તે સમયની જમા અર્ધપગારી રજાના અર્ધા ભાગની રજા તથા બધી પ્રાપ્તરજાનું 240 (બસો ચાલીસ) દિવસની મર્યાદામાં ઉપર જણાવેલ કિસ્સાઓમાં રોકડમાં રૂપાંતર કરી શકાશે. ટૂંકમાં નોનવેકેશન ડિપાર્ટમેન્ટમાં રહીને જે અર્ધપગારી રજા જમા ન હોય તે રજાનું રોકડમાં રૂપાંતર કરી શકાશે નહિ.

| | |
|---|---|
| દૃષ્ટાંત : વેકેશનમાં જમા અર્ધપગારી રજા | 60 |
| નોનવેકેશન જમા અર્ધપગારી રજા | 30 |
| કુલ | 90 |

અર્ધપગારી રજાના રોકડમાં રૂપાંતરનો મળવાપાત્ર મહત્તમ લાભ : 60 દિવસ

(4) રાજીનામું આપનાર આચાર્ય, શિક્ષકના કિસ્સામાં રાજીનામું આપવાના સમયે તેના ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધપગારી રજાના અર્ધા ભાગની રજાઓ ભેગી કર્યા બાદ તેના પચાસ ટકા રજાનું વધુમાં વધુ 120 દિવસની મર્યાદામાં રોકડમાં રૂપાંતર કરવામાં આવશે.

(5) સરકારી તથા બિનસરકારી શિક્ષણસંસ્થાના બિનશૈક્ષણિક કર્મચારીઓને તેમના ખાતે જમા અર્ધપગારી રજાના રોકડમાં રૂપાંતરનો લાભ મળવાપાત્ર થશે નહિ. પરંતુ તેઓ તેમના ખાતે જમા પ્રાપ્તરજા પૂરતો રોકડમાં રૂપાંતરનો લાભ મેળવી શકાશે.

(6) આ ઠરાવનો અમલ તા. 1-7-'90થી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એમ. કે. પરમાર
ઉપસચિવ, નાણાં વિભાગ

* * *

## 50. ચૂંટણીના કામે વેકેશન દરમિયાન કામગીરી માટે રોકાતા સરકારી/બિનસરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને વળતર તરીકે રજા મંજૂર કરવા અંગે

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, ક્રમાંક : 29 પનસ 7 91 ઝ ગુજ 2360 448
ગાંધીનગર, તા. 2-4-'91

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ,
તમામ જિલ્લા શિક્ષણ સમિતિઓ,
શાસનાધિકારીશ્રીઓ,
તમામ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓ,
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે લોકસભાની સામાન્ય ચૂંટણીઓ મે, 1991માં યોજાવાની શક્યતા છે. ચૂંટણી માટે મોટી સંખ્યામાં કર્મચારીઓની જરૂરિયાત રહેશે. મતદાનના દિવસ પહેલા આ કર્મચારીઓને તાલીમ પણ આપવી પડશે. સામાન્ય રીતે મતદાનમથકોમાં ચૂંટણી અંગેની કામગીરી માટે મહદ્અંશે પ્રાથમિક અને માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓની સેવાઓ લેવામાં આવે છે. ચૂંટણીની તારીખ અને આ કર્મચારીઓને તાલીમ આપવાના સમયગાળા વખતે શૈક્ષણિક સંસ્થાઓમાં ઉનાળુ વેકેશન હશે. આથી જે શિક્ષકોને ચૂંટણી અંગેની કામગીરી સુપરત કરવાની હોય તેઓ વેકશન દરમિયાન તેમના હેડ ક્વાર્ટસમાં ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવાનું જરૂરી છે. આ બાબતમાં શિક્ષણ વિભાગના તા. 19-9-'88ના પરિપત્રક્રમાંક : પીઆઈ/1388/2315-ક અન્વયે પ્રાથમિક શિક્ષકો બાબતમાં અને તા. 28-8-'89ના ઠરાવક્રમાંક : બમશ/1389/3922-ચ (પરિપત્ર નં. 43) અન્વયે સરકારી તથા બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો બાબતમાં વેકેશન દરમિયાન ચૂંટણીના કામ માટે રોકવામાં આવે ત્યારે તેઓએ નહિ ભોગવેલ વેકેશનના સમયગાળા માટે તેઓના ખાતે રજા જમા કરવા માટે જે-તે સમયના સુધારેલા રજાના નિયમોમાં મુંબઈ મુલકી સેવા નિયમોના નિયમ-9 હેઠળ વેકેશન વિભાગના કર્મચારીઓ માટે કરવામાં આવેલ જોગવાઈઓને અનુરૂપ કાર્યવાહી કરવા મંજૂરી આપવામાં આવી છે. તે તરફ આપનું ધ્યાન દોરી જણાવવાનું કે, આ જોગવાઈઓનો ઉપયોગ કરવા વિનંતી છે.

સહી, અ. જ. શુક્લ

પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય

* * *

## 51. જમા પ્રાપ્તરજાઓ જમા કરવા માટેની રૂપરેખા

Government of Gujarat, F. D., Resolution No. : LVE-1290/Thr./73-p,
Sachivalaya, Gandhinagar, dt. 17-6-'91

*Read : [1] GRFD No. LVE : 1076/2581-P, dt. 25-11-'76*

*[2] GRFD No. LVE : 1077/1993-P, dt. 29-9-'77 (પરિપત્ર નં. 13)*

*[3] GRFD No. LVE : 1082/900-P, dt. 12-3-'82 (પરિપત્ર નં. 32)*

**RESOLUTION**

**The present procedure of crediting earned leave in two instalments of 15 days each on January 1st and July 1st of every calendar year is revised by the Government to remove Disadvantages to employees in cases, where they have already accumulated 240 days earned leave before January 1st or July 1st on the line of Government of India's decision in its Office Memorandum, No. : 14028/1-89 Estt. L, dt. 26-12-'89, Now Government is pleased to decide as follows :**

**[i] In case of employees, having at their credit earned leave of 225 days or less as on 1st January / 1st July of a year leave of 15 days or proportionally less in respect of retiring persons or those leaving service during the next half year may continue to be credited to their leave accounts in advance as at present.**

**[ii] In case where the earned leave at credit as on 1st January / 1st July is 240 days or less; but more than 225 days, credit of earned leave for 15 days may be had separately and first adjusted against any earned leave that Government servant may take during the ensuing half year and the balance if any credited to the earned leave account at the close of the half year subject to the celling of 240 days. If the earned leave taken during the half year is more than 15 days, the amount is excess of 15 days will, however, have to be debited to the leave account.**

**For Example :**

**[1] If as on 1-7-'91 the employee has at his credit earned leave of 225 days, 15 days earned leave will be credited in advance to his leave account provided he is not due to retire during the ensuing half year.**

[2] If as on 1-7-'91, the employees has his credit 240 days earned leave and [a] if he avails 15 days earned leave during the period 1-7-'91 to 31-12-'91, the earned leave so taken will be adjusted against the 15 days earned leave kept separately to be credit as on 1-1-'92 240 days earned leave and [b] if on the other hand, he takes only 10 days earned leave during the half year ending 31-12-'91 such leave will be adjusted against the earned leave of 15 days to be credited to his earned leave account on 1-7-'91. Nor further leave however, be credited to his earned leave account and the earned leave at his credit as on 1-1-'92 will continue to be 240 days.

If as on 1-7-'91 the employee has 230 days earned leave at his crefit and [a] if he takes 15 days earned leave during the half year ending 31-12-'91 such leave will be adjusted against the 15 days earned leave to be credited to his account as on 1-7-'91 and the earned leave at credit on 1-1-'92 will remain at 230 days [b] if, however, he takes only 10 days earned leave during leave to be credited as on 1-7-'92, the earned leave at his credit will be 235 days.

These orders will take effect from 1-7-'91.

By order and in the name of the governor of Gujarat.

Sd/- M. M. Parmar

Under Secretary to the Government, [F.D.]

*નોંધ : હિસાબી માર્ગદર્શન માટે છાપવામાં આવેલ છે.*

❋ ❋ ❋

## 52. સરકારી કર્મચારીઓને દર બે વર્ષે એક વખત 30 પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર કરવાની છૂટ આપવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવ નં. : રજઅ-1091/660-ચ,
સચિવાલય, ગાંધીનગર, તા. 1-7-'91

**ઠરાવ :** સરકારીકર્મચારીઓને અમુક શરતોને આધીન રહીને તેમની પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર માટે દર બે આખા કેલેન્ડરવર્ષમાં એક વખત, વધુમાં વધુ ત્રીસ દિવસની મર્યાદામાં રહીને તેમની સ્વેચ્છાએ પ્રાપ્તરજા જતી કરવાની છૂટ આપતી યોજના તા. 29-3-'71 ઠરાવક્રમાંક : આરઆરઆર-1072/425-જ, થી અમલમાં મૂકવામાં આવેલ હતી. સદરહુ યોજના, કેન્દ્ર સરકારની ચોથા પગારપંચની ભલામણોનો રાજ્ય સરકારે અમલમાં મૂકવાનો નિર્ણય લીધો હતો, તેના પરિણામે તા. 2-12-1986ના ઠરાવક્રમાંક : પીસીઆર-1086/1685/2-એમ, થી પાછી ખેંચી લેવામાં આવેલ હતી.

2. સરકારે રજાનું રોકડમાં રૂપાંતર કરવાની યોજના પાછી ખેંચી લેતાં છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાંનાં વિવિધ કર્મચારીમંડળો તરફથી આ યોજના ફરીથી શરૂ કરવા માટેની માંગણીઓ સાથેની રજૂઆતો સરકારમાં કરવામાં આવેલ. સરકારે આ બાબતની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારી કર્મચારીઓને અમુક શરતોને આધીન રહીને પ્રાપ્તરજાના અમુક ભાગનું રોકડમાં રૂપાંતર કરવાની છૂટ આપવાનું ઠરાવ્યું છે. તદ્નુસાર સરકાર નીચેના હુકમો બહાર પાડે છે :

1. સરકારી કર્મચારી (રાજ્યપત્રિત-બિનરાજ્યપત્રિત)ને, તેમના ખાતે જમા હોય તે પ્રાપ્તરજા પૈકીની પંદર દિવસની પ્રાપ્તરજા તેમની સ્વેચ્છાથી જતી કરવાની છૂટ આપવી.
2. આ હુકમો હેઠળ જતી કરેલી રજા માટે સરકારી કર્મચારીને રજાનો પગાર, મોંઘવારી-ભથ્થું અને સ્થાનિક વળતર-ભથ્થું આપવાં.

3. પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર કરવા માટેની છૂટછાટ દર બે આખા કેલેન્ડર વર્ષમાં એકવાર આપવી. પ્રથમ સમયગાળો 1991-'92ના વર્ષથી ગણવો. આ લાભ જે-તે વર્ષના બ્લોકમાં આપવાનો રહેશે.

4. જતી કરેલી રજાની મુદત માટે રજાનો પગાર, મોંઘવારી-ભથ્થું અને સ્થાનિક વળતર ભથ્થું રજા મંજૂર થયા બાદ તરત પૂરેપૂરાં ચૂકવવા. આ કુલ રજાના પગારમાંથી પ્રોવિડન્ડફંડ બચત, ઘરભાડું અને સરકારને પરત ભરપાઈ કરવાની પેશગી વગેરે તેમ જ સરકારીમંડળો પરત ભરપાઈ કરવાના લેણાંની કપાતને પાત્ર નથી.

5. આ હુકમો હેઠળ જતી કરેલી પ્રાપ્તરજાના દિવસોની સંખ્યા, સરકારી કર્મચારીના જે-તે તારીખે રજા જમા હોય તે રજાના હિસાબમાંથી બાદ કરવી.

6. રાજયપત્રિત-બિનરાજયપત્રિત સરકારી કર્મચારીઓની બાબતમાં, જતી કરેલી રજા અંગે રજાહિસાબમાં ઉધારનોંધ કરવા અંગેની વિગતો, રજાપગાર આકારવામાં આવે ત્યારે; તેમની સર્વિસબુકમાં અને રજાહિસાબમાં ''જરૂરી નોંધ કરવામાં આવી છે'' એવી મતલબનું પ્રમાણપત્ર, જતી કરેલી પ્રાપ્તરજાનો પગાર જે બિલમાં આકારવામાં આવે તે બિલમાં આપવું.

7. જે સરકારી કર્મચારીઓને મુંબઈ મુલકી સેવા નિયમો (પુસ્તક-1)માં આપેલા જૂના રજાનિયમો લાગુ પડતા હોય તેમને પણ આ હુકમો લાગુ પડે છે તેમના કેસમાં ''પ્રાપ્તરજા'' અને ''પંદર દિવસ''નો અર્થ અનુક્રમે ''સરેરાશ પગારરજા'' અને ''પંદર દિવસ'' કરવો.

8. પ્રાપ્તરજા મંજૂર કરવાની જેમને સત્તા આપવામાં આવી હોય તેવા સત્તાધિકારીઓને, પ્રાપ્તરજા જતી કરવામાં આવે તે સ્વીકારવાની સત્તા રહેશે.

9. આ હુકમો તા. 1-1-'91થી અમલમાં આવશે.

10. 1935 સુધારેલા રજાનિયમો અને મુંબઈ મુલકી સેવા નિયમો (પુસ્તક-1)માં જરૂરી સુધારો યથાસમયે બહાર પાડવામાં આવશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એમ. કે. પરમાર

ઉપસચિવ, નાણાંવિભાગ

***નોંધ : ખાનગી માધ્યમિક શાળાઓને આ ઠરાવના ધોરણે આવો લાભ આપેલ હોવાથી સંદર્ભ માટે છાપેલ છે.***

❋ ❋ ❋

## 53. બિનશૈક્ષણિક સ્ટાફ અને આચાર્યને 240 દિવસ સુધીની હક્કરજા મળવાપાત્ર થવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-1391/864-ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. 18-7-'91.

**ઠરાવ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ, 1972 (સને 1973ના ગુજરાત રાજયના 18મા)ની કલમ 53ની પેટા કલમ-(3)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 હેઠળ કરેલા ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો, 1974માં નીચેનો ફેરફાર મંજૂર કરેલ છે.

વર્તમાન વિનિયમ ક્રમાંક : 30(7)(અ) સુધારીને નીચે મુજબ વાંચવો :

**''વિનિયમ ક્રમાંક : 30 (7)(અ)''**

બિનઅધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય (પ્રથમ આચાર્ય) કોઈપણ વેકેશન માટે હક્કદાર થશે નહિ, પણ નોકરીના વર્ષ માટે 30 દિવસ લેખે ફરજના વર્ષ દીઠ હક્કરજા મળશે. પરંતુ સભ્યને તેની 240 દિવસની રજા લેણી થાય એટલે તરત જ હક્કરજા મળતી બંધ થશે.

2. ઉપરોક્ત મળવાપાત્ર રજાઓ પૈકી દરેક કર્મચારીના રજાના હિસાબમાં દર 6 મહિને એટલે કે દરેક વર્ષની પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઈના દિવસે 15 દિવસની, વર્ષે કુલ 30 દિવસની પ્રાપ્તરજા અગાઉથી જમા કરવામાં આવશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ.આર. સોની,

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *

**54. બિનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષકો સંસદસભ્ય/ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા હોય તે સમય દરમિયાનની ખાસ રજા અંગે**

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-1390/ધાસ/42-ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. 6-8-'91

***વંચાણે લીધો :*** *શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : પરચ-1856/28285-ખ, તા. 3-8-'90.*

**ઠરાવ :** રાજ્યની યુનિવર્સિટી અથવા યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં સેવા આપતા શિક્ષકો સંસદસભ્ય/ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા સંસદ/વિધાનસભામાં ઉપસ્થિત રહેવા અને સંસદ/વિધાનસભાની સમિતિની બેઠકમાં હાજરી આપવા જેટલા સમય માટે ઉપસ્થિત રહે તેટલા સમય માટે યુનિવર્સિટી/કોલેજમાં ખાસ રજા મંજૂર કરવાની શરતોની મંજૂરી ઉક્ત તા. 3-8-'90ના ઠરાવથી આપવામાં આવી છે. ઉક્ત ઠરાવની જોગવાઈઓ બિનસરકારી માધ્યમિક શાળા તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોને લાગુ પાડવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. યોગ્ય વિચારણાને અંતે આથી ઠરાવવામાં આવે છે કે, રાજ્યની બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક કે જે સંસદસભ્ય/ધારાસભ્ય તરીકે ચૂંટાય તેઓ સંસદ/વિધાનસભામાં ઉપસ્થિત રહે અને સંસદ/વિધાનસભાની સમિતિઓની બેઠકમાં હાજરી આપે તેટલા સમયની શિક્ષક તરીકેની શાળામાંની ગેરહાજરી ખાસ રજા તરીકે મંજૂર કરવાનું એ શરતે ઠરાવવામાં આવે છે કે આવી હાજરી દરમિયાન પગાર, ભથ્થાં વગેરે એક જ સ્થળેથી મેળવવાનાં રહેશે. આવા શિક્ષકોએ તેમને સોંપેલ શૈક્ષણિક કાર્ય પૂરું કરવાનું રહેશે. અને ગેરહાજરીના કારણે બાકી રહેલું શૈક્ષણિક કાર્ય પૂરું કરવા માટે કોઈ વધારાનું મહેનતાણું ચૂકવવાપાત્ર થશે નહિ.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. 18-7-'91ની સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એમ. આર. સોની

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *

**55. પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર કરવા અંગે**

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : રજઅ-1091/660-5,

સચિવાલય, ગાંધીનગર, તા. 20-8-'91

***વંચાણમાં લીધો :*** *નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : રજઅ-1091/1/પ/1660-1, તા. 1-7-'91 (પરિપત્ર નં.52)*

**ઠરાવ :** નાણાં વિભાગના તા. 1-7-'91ના ઠરાવનંબર : રજઅ-1091/1660-પ,થી સરકારી કર્મચારીઓને તેમાં જણાવેલ શરતોને આધીન 1991-'92ના વર્ષથી દર બે આખા કેલેન્ડરવર્ષમાં એકવાર 15 દિવસની રજાનું રોકડમાં રૂપાંતર કરવાના હુકમો કરવામાં આવ્યા છે. વર્ષ દરમિયાન દરેક મહિનામાં આ 15 દિવસની ગણતરી કેવી રીતે કરવી એ બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. વિચારણાના અંતે હવે એવું ઠરાવવામાં આવે છે કે, ઉક્ત ઠરાવમાંના હુકમોમાં જણાવાયેલ 15 દિવસની રજાનું રોકડમાં રૂપાંતર કરવાની ગણતરી માટે 30

દિવસનો મહિનો ગણીને પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતર કરીને ચૂકવવાનું રહેશે. કયા મહિનામાં રજાનું રોકડમાં રૂપાંતર માંગવામાં આવે છે તે બાબત ધ્યાને લેવાની રહેશે નહિ.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એમ. કે. પરમાર
ઉપસચિવ, નાણાં વિભાગ

❋ ❋ ❋

## 56. અર્ધપગારી રજા પહેલી જાન્યુઆરી અને પહેલી જુલાઇના રોજ આગોતરી જમા કરવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-1391/2660-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 20-4-'92

**ઠરાવ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1972 (સને 1972ના ગુજરાત રાજ્યના 18મા)ની કલમ 53 ની પેટા કલમ-3થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકારે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ-1974 હેઠળ કરેલા ગુજરાત શિક્ષણ વિનિયમો-1974માં નીચેના ફેરફાર મંજૂર કરેલ છે. વર્તમાન વિનિયમ-30(3) પછી નીચે મુજબ સ્પષ્ટીકરણ ઉમેરવું :

30(3) સ્પષ્ટીકરણ : (1) આ અર્ધપગારી રજાઓ દર વર્ષે જાન્યુઆરીએ દસ અને પહેલી જુલાઈએ દસ-એમ કર્મચારીના રજાના ખાતામાં આગોતરી જમા કરવાની રહેશે.

(2) નવી નિમણૂકના કિસ્સામાં પ્રથમ છ માસ સુધીના સમયગાળા માટે દર માસ દીઠ પંચ તૃતીયાંશ (5/3) દિવસની રજા જમા કરવાની રહેશે.

(3) કર્મચારી નિવૃત્ત થાય, અવસાન પામે, રાજીનામું આપે, નોકરીમાંથી બરતરફ કરવામાં આવે કે અન્ય રીતે નોકરી સમાપ્ત થાય ત્યારે છેલ્લા છ માસ ગાળાના સમય માટે દસ આગોતરી રજાને બદલે જેટલા પૂરા માસ માટે ફરજ બજાવી હોય તે બદલ એક માસદીઠ પાંચ તૃતીયાંશ (5/3) દિવસની રજા ગણતરીમાં લેવાની રહેશે.

ઉપર મુજબ ગણતરી કરવા માટે દિવસના ભાગ (ફ્રેકશન)ને બદલે નજીકનો પૂર્ણ દિવસ ગણતરીમાં લેવો અને માસના ભાગ માટે નજીકનો પૂર્ણ માસ ગણતરીમાં લેવો. (એટલે કે 15 દિવસથી વધુ દિવસો માટે આગળનો માસ ગણવો.)

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. 20-2-'92ની સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. આર. સોની
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 57. પ્રાપ્તરજાના રોકડમાં રૂપાંતરના લાભ અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : પતન-1192-1221-જ,
સચિવાલય, ગાંધીનગર, તા. 1-6-'92

*વંચાણે લીધા : (1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીટીએન-175-1221-જે, તા. 22-9-'75*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીસીઆર-1086-1685-2 એમ, તા. 2-12-'86.*
*(3) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : રજઅ-1091-660-5, તા. 1-7-'91. (નં.52)*

**પરિપત્ર :**

આમુખમાં ક્રમાંક (2) સામે દર્શાવેલ સરકારી ઠરાવથી સરકારી કર્મચારીઓને અમુક શરતોને આધીન રહીને તેમની પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર કરવાની આપવામાં આવેલ છૂટ પાછી ખેંચી લેવામાં આવેલ હતી તે આમુખમાં ક્રમાંક (3) સામે દર્શાવેલ સરકારી ઠરાવથી પુનઃ ચાલુ કરવામાં આવે છે.

2. પ્રતિનિયુક્તિ ઉપર જતાં સરકારી કર્મચારીઓના કિસ્સામાં તા. 22-1-'75ના ઠરાવની શરતક્રમાંક 14 આ પ્રમાણે રાખવાની રહેશે : ''વખતોવખત સુધાર્યા મુજબના નાણાં વિભાગના તા. 1-7-'91ના સરકારી

ઠરાવક્રમાંક : રજઅ-1091-660-5 હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે તેઓ રજાના રોકડમાં રૂપાંતરના લાભ માટે હક્કદાર રહેશે.''

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, શ્રીમતી આર. એમ. મહેતા
સરકારના ઉપસચિવ, નાણાં વિભાગ

* * *

## 58. વિનિયમ મુજબ રજાની જોગવાઇ અંગે

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ક્રમાંક : માધ્ય.-ખ-1/અનિયમિતતા/9230-9680/ખાનગી,
વઢવાણનો ઉતારો, રાજકોટ, તા. 5-5-'93

પ્રતિ, આચાર્યશ્રી,
માધ્યમિક શાળા (તમામ) રાજકોટ જિલ્લો.

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, બિનસરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓ માધ્યમિક શિક્ષણ ધારાની કલમ 35 અને ગ્રાન્ટ 90 મ. એઇડ કોડની 64-2 અનુસાર પસંદગી પામેલા હોય છે અને હોવા ફરજિયાત છે.

(ક) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 19(6) ની જોગવાઇ અને સ્પષ્ટીકરણ અનુસાર લીવ વેકેન્સી શૈક્ષણિક વર્ષ કરતાં વધારે ન હોય તેટલી મુદત સુધી જ ચાલુ રાખી શકાય તેવી જોગવાઇ છે.

(ખ) ગેરહાજરી બાબત ગુજરાત માધ્યમિક વિનિયમો '74 માં વિનિયમ 29(1) મુજબ રજિસ્ટર્ડ થયેલી શાળાનો કોઇ કર્મચારી સામાન્ય રીતે શાળાના વડાન પરવાનગી પ્રથમ મેળવ્યા વગર પોતાની ફરજ ઉપર ગેરહાજર રહી શકે નહિ. (વિનિયમ 29-12) મુજબ કટોકટી પ્રસંગે જ્યારે તે પરવાનગી મેળવી શકે તેમ ન હોય ત્યારે તેણે તેની ગેરહાજરીનાં કારણોની સૌથી વહેલી તકે ઉપરીને ખબર આપવી જોઇએ; પરંતુ કોઇપણ સંજોગોમાં આવી ગેરહાજરી 3 દિવસથી વધુ ચાલુ રહેવી ન જોઇએ.

(ગ) રજા બાબતે વિનિયમ 30 હેઠળ જોગવાઈ કરવામાં આવેલ છે, તેમ માંહેની જોગવાઇ આ મુજબ છે. વિનિયમ 30(3)(ગ) અર્ધપગારી રજાની વધુમાં વધુ મુદત એકી સાથે 120 દિવસ પૂરતી મર્યાદિત રહેશે. વિનિયમ 30(4)(ખ)(1) સમગ્ર નોકરી દરમિયાન રૂપાંતરિત રજા વધુમાં વધુ 240 દિવસ પૂરતી મર્યાદિત રહેશે. વિનિયમ 30(4)(ખ)(3) હક્કરજા અને તેની સાથે લીધેલી રૂપાંતરિત રજાની કુલ મુદત 240 દિવસ કરતાં વધવી જોઇએ નહિ.

વિનિયમ 30(4)(5) એકંદર 36 મહિના કરતાં વધારે ન હોય તેટલા દિવસની વગર પગારની રજા વિનિયમ પ્રમાણે બીજી કોઇ રજા મળવાપાત્ર ન હોય અથવા બીજી રજા મળવાપાત્ર હોય પણ કર્મચારી વગર પગારની રજા મંજૂર કરવા માટે લેખિત અરજી કરે ત્યારે ખાસ સંજોગોમાં આપવાની જોગવાઇ છે અને અન્ય માંદગી સિવાયની જોગવાઇ કરી છે.

વિનિયમ 30(4)(ખ)6 (ક) થી (ચ) અન્વયે મહિલા કર્મચારી સંબંધી પ્રસુતિ રજાની જોગવાઇ છે.

(ઘ) રજા મંજૂર કરવા બાબતે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પરિપત્ર : મશબ-બ-3-રજા/25670-78, તા. 9-3-'77 થી બોર્ડની તા. 18-2-'77ની કારોબારી સમિતિના ઠરાવ-22 અન્વયે સ્પષ્ટતા કરવામાં આવી છે કે વિનિયમ 30(5) અનુસાર 4 માસથી વધુ રજા મંજૂર કરવાની સત્તા રજાની મુદત 10 માસથી વધે નહિ તે મર્યાદામાં જિલ્લા શિક્ષણ અધિકારીઓને ખાસ કિસ્સામાં સોંપવામાં આવેલ છે એટલે કે 120 દિવસથી વધુ રજા મંજૂર કરવાની સત્તા સંચાલકમંડળને નથી.

(ચ) ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના તા. 3-11-'87 ના પરિપત્ર : મશબ-ઝ-45167/64 થી જિલ્લા શિક્ષણ અધિકારી રાજકોટને સ. વ. પટેલ વિદ્યાલય, રાજકોટના શ્રી પી. આર. જાડેજાની રજા બાબતે અપાયેલ નિર્ણય અનુસાર 30(4)(ખ) મુજબ બિનપગારી રજા 36 માસથી વધુ ન હોય તેટલી

શાળા સમિતિ કે સંચાલક મંજૂર કરી શકે છે. તે ઉપરાંતની રજા મંજૂર કરવા માટે વિનિયમોમાં કોઇ જોગવાઇ ન હોવાથી રજાની દરખાસ્ત મંજૂર કરેલ ન હતી અને જણાવેલ કે આવી રજા મંજૂર કરવાની કોઇને સત્તા નથી.

(છ) ઉપરની વૈધાનિક જોગવાઇઓ હોવા છતાં કર્મચારીઓની રજા મંજૂર કરવા બાબતે ઘણી શાળાઓ અનિયમિતતા ઊભી કરે છે. આવી શાળાઓને નીચે મુજબ સૂચના આપવામાં આવે છે.

(1) રજા અવેજી નિમણૂક મૂળ કર્મચારીએ મંજૂર થયેથી રજાને સ્પર્શે છે એટલે કોઈ લીવ વેકેન્સી 120 દિવસથી વધવી ન જોઇએ તેવું તારણ નીકળે છે છતાં પણ કર્મચારીની ઉપર જણાવ્યા બાબત (ઘ) અનુસાર 10 માસ સુધીની રજા જિલ્લા શિક્ષણ અધિકારી પાસે પૂર્વમંજૂરી લઇ મંજૂર કરાવેલ હોય તો રજા અવેજી 120 દિવસની મુદત પૂરી થાય તે પહેલાં લંબાવવા માટે ફેરદરખાસ્ત કરી મંજૂરી લેવી જોઇએ.

(2) એક વર્ષ કરતાં કોઇ રજા અવેજી લંબાવી શકાતી નથી. આમ ઉપરોક્ત બાબત ધ્યાને લઇ જે શાળાઓએ આ જોગવાઇઓનું ઉલ્લંઘન કરેલ છે અને આ કચેરીની પૂર્વમંજૂરી સિવાય મર્યાદા ઓળંગીને રજા અવેજી નિમણૂકો ચાલુ રાખી છે તેને પગારવધારાની મુદત માટે ગ્રાન્ટપાત્ર રાખવામાં આવશે નહિ.

ચાલુ શૈક્ષણિક સત્ર પૂરું થતાં તમામ રજા અવેજી નિમણૂકો બંધ કરવા તાકીદ કરવામાં આવે છે.

(3) ઉપર થયેલ મુદ્દા (ખ)ની જોગવાઇઓનો અમલ ચુસ્ત રીતે કરવા અને શાળામાં હાજર ન હોવા છતાં પગારો ચૂકવવાનો પ્રસંગ બનશે અથવા કર્મચારીઓ ઇરાદાપૂર્વક ગેરહાજર રહી પગારો મેળવતા હશે તેવા કિસ્સાઓ આ કચેરીના ધ્યાન ઉપર આવશે તો સંબંધિત શાળાના આચાર્યની અંગત જવાબદારી ગણાશે અને સંચાલકમંડળની નાણાકીય જવાબદારી ગણાશે. ઉપરાંત આવી અનિયમિતતા ચલાવવા બદલ ગ્રાન્ટ-ઇન-એઇડ કોડ નિયમ 95 હેઠળ ગ્રાન્ટકાપ સુધીનાં પગલાં લેવાશે અને કર્મચારીને કામ વગર ચૂકવાયેલ પગાર નિભાવગ્રાન્ટમાંથી વસૂલ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેની નોંધ લેવી.

સહી, સત્તાધિકારી
શિક્ષણાધિકારી, રાજકોટ

❊ ❊ ❊

## 59. હિમાચલ પ્રદેશ ખાતેની ઓલ ઇન્ડિયા સેકન્ડરી ટિચર્સ કોન્ફરન્સમાં ભાગ લેનાર શિક્ષકોની રજા તથા પ્રવાસખર્ચ અંગે

શિક્ષણ વિભાગ, ક્રમાંક : બમશ/1393/5221-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા.2-9-'93

યાદી :

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ સંઘ મહામંડળના તા. 27-8-'93 ના પત્રથી રજૂઆત કરવામાં આવી છે કે ''રાઈટ્સ ઓફ એ ચાઈલ્ડ'' વિષય પર ચર્ચા માટે જવાલામુખી (હિમાચલ પ્રદેશ) ખાતે ઓલ ઇન્ડિયા સેકન્ડરી ટિચર્સ ફેડરેશન દ્વારા તા. 8 થી 10 ઓકટોબર 1993 દરમિયાન એક શૈક્ષણિક કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.

આજ્ઞાનુસાર જણાવવાનું કે ઉક્ત કોન્ફરન્સમાં ભાગ લેવા માટે બિનસરકારી માધ્યમિક શાળાઓના જે શિક્ષકો તેમના આચાર્યની પરવાનગી મેળવી જાય તેમની જવા-આવવાના સમય સહિતની શાળામાંની ગેરહાજરી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમોના વિનિયમ-29 અને 30 માં છૂટછાટ મૂકી ખાસ પરચૂરણ રજા (ડ્યુટી લીવ) ગણવી.

2. આ અંગે થનાર ખર્ચ તા. 17-7-'90 ના ઠરાવક્રમાંક : બમશ-1187-2879-51-ગ સાથેના પરિશિષ્ટ ખ ની આઈટમ નં. 15 હેઠળ આવરી લઈ નિયમાનુસાર મળવાપાત્ર ગ્રાન્ટમાંથી મેળવી શકાય તેમ છે, તે હકીકત પરત્વે સંબંધિત સર્વેનું ધ્યાન દોરવામાં આવે છે.

ગુજરાતરાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. આર. સોની
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

❊ ❊ ❊

## 60. બિનસરકારી માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓની પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર કરવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : રજઅ/1193/પુઓ/905/5,
સચિવાલય, ગાંધીનગર, તા. 5-1-'94

***વંચાણમાં લીધા :*** *(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : રજઅ-1091-660-5, તા. 1-7-'91 (નં.52)*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : રજઅ-1091-660-5, તા. 20-8-'91 (નં.55)*

**ઠરાવ :**

આમુખમાં જણાવેલ નાણાં વિભાગના તા.1-7-'91 તથા તા.20-8-'91 ના ઠરાવોની રાજ્ય સરકારના કર્મચારીઓને સેવા દરમિયાન બે કેલેન્ડરવર્ષના બ્લોકમાં એકવાર 15 દિવસની પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર કરવા દેવાની જોગવાઈ કરવામાં આવી છે. ઉક્ત ઠરાવોનો લાભ રાજ્યની બિનસરકારી માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ આપવાની રજૂઆતો આ કર્મચારીઓનાં મંડળો તરફથી સરકારને કરવામાં આવેલ છે.

2. કર્મચારીમંડળોની રજૂઆતો અંગે કાળજીપૂર્વકની વિચારણાના અંતે સરકારશ્રીએ આમુખમાં જણાવેલ તા. 1-7-'91 અને તા. 20-8-'91 ના ઠરાવોનો લાભ તેમાં જણાવેલ શરતોને આધીન 1993-'94 ના બ્લોક વર્ષથી આપવાનું ઠરાવ્યું છે. તદ્અનુસાર દર બે આખા કેલેન્ડરવર્ષોમાં એકવાર 15 દિવસની પ્રાપ્તરજાનું રોકડમાં રૂપાંતરથી રાજ્યની તમામ બિનસરકારી માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને મળી શકશે.

3. આ હુકમો તા. 1-1-'93 થી શરૂ થતા બ્લોકવર્ષથી અમલમાં આવશે.

4. રજાનું રોકડમાં રૂપાંતરની માંગણી કરતી અરજી અગાઉથી આપવાની રહેશે.

5. સરકારી કર્મચારીઓ માટે હાલ અમલમાં છે તે રજાના રોકડમાં રૂપાંતર કરવા અંગે ભવિષ્યમાં જે કંઈ નીતિવિષયક પુનઃ વિચારણા/નિર્ણય કરવામાં આવશે તે બિનસરકારી માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ આપોઆપ લાગુ પડશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, સનત ય. ભટ્ટ
ઉપસચિવ, નાણાં વિભાગ

* * *

## 61. આચાર્યને નોકરી દરમિયાન દર બે વર્ષે 15 દિવસની પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર કરવાનો લાભ આપવા અંગે

નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : રજઅ-1193-પુઓ-905/5.
તા. 5-5-'95

***વંચાણમાં લીધા :*** *(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : રજઅ-1091-1660-પ, તા. 1-7-'91. (પરિપત્ર નં. 52)*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : રજઅ-1091-660-5, તા. 20-8-'91. (પરિપત્ર નં. 55)*
*(3) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : રજઅ-1093-પુઓ-905-5, તા. 5-1-'94. (પરિપત્ર નં. 60)*

**ઠરાવ :** આમુખમાં જણાવેલ તા. 5-1-'94ના ઠરાવ અન્વયે બિનસરકારી માધ્યમિક શાળાઓના બિનશૈક્ષણિક કર્મચારીઓને સેવા દરમિયાન દર બે વર્ષના એક બ્લોકમાં 1993-'94ના બ્લોકવર્ષથી 15 દિવસની પ્રાપ્તરજાઓનું રોકડમાં રૂપાંતર મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઠરાવમાં બિનસરકારી માધ્યમિક શાળાઓના પ્રથમ આચાર્યનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. આથી સરકારશ્રીને તે બાબત આચાર્યસંઘ તરફથી રજૂઆતો મળેલ હતી.

શિક્ષણ વિભાગના તા. 17-4-'89ના ઠરાવક્રમાંક : બમશ-1088-752(89)મ, અન્વયે બિનઅધ્યાપકીય સ્ટાફના સભ્ય તથા આચાર્ય (પ્રથમ આચાર્ય)ને કોઇપણ વેકેશન માટે હક્કદાર ગણવામાં આવેલ નથી તથા તેઓને નોકરીનાં પૂરાં વર્ષ માટે 30 દિવસ લેખે પ્રાપ્તરજાઓ મળવાપાત્ર થાય છે, તે બાબતને ધ્યાનમાં લેતા બિનસરકારી માધ્યમિક શાળાના આચાર્ય ''બિનવેકેશન'' ગણાશે. આથી તે સંવર્ગને પ્રાપ્તરજાના રોકડમાં રૂપાંતરનો લાભ આપવાની બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ બિનસરકારી માધ્યમિક શાળાઓના પ્રથમ આચાર્યને પણ નાણાં વિભાગના તા. 5-1-'94ના ઉપર જણાવેલ ઠરાવનો લાભ 1993-'94 ના બ્લોકવર્ષથી આપવાનું ઠરાવેલ છે.

આ ઠરાવનો અમલ તા. 1-1-'93થી શરૂ થતા બ્લોકવર્ષથી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, છગનભાઈ એન. પટેલ

ઉપસચિવ, નાણાં વિભાગ

❋ ❋ ❋

## 62. ચૂંટણીકાર્યમાં ભાગ લેનાર શિક્ષકોને પ્રાપ્તરજા આપવા અંગે

શિક્ષણ વિભાગ, ક્રમાંક : 52ચ/1095/588/વ.ર.

સચિવાલય, ગાંધીનગર, તા. 22-5-'95

પ્રતિ,

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,

સર્વ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,

સર્વ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ,

**વિષય :** પંચાયત ચૂંટણીઓ, 1995

શ્રીમાન,

રાજ્યની ત્રિસ્તરીય પંચાયતોની ચૂંટણીઓ, આગામી મે, જૂન-'95માં યોજાનાર છે. આ ચૂંટણીઓની પ્રક્રિયામાં મતદાનઅધિકારી, પ્રમુખઅધિકારી તરીકે મોટેભાગે માધ્યમિક, પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક, ઉપશિક્ષક તેમ જ શિક્ષકોની સેવાઓ ઉપયોગમાં લેવામાં આવે છે. આ સમય દરમિયાન શાળાઓમાં ઉનાળુ વેકેશન આપવામાં આવે છે.

2. ઉપર્યુક્ત સંજોગોમાં મે, જૂન-1995માં રાજ્યની ત્રિસ્તરીય પંચાયતોની ચૂંટણીઓ યોજાનાર હોઈ ચૂંટણીની પ્રક્રિયામાં માધ્યમિક, પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સેવાઓ ઉપયોગમાં લેવાના હુકમો જિલ્લા કલેક્ટર દ્વારા આપવામાં આવે, તેવા શિક્ષકોએ આ હુકમોમાં જણાવેલ સમયગાળા દરમિયાન હેડ ક્વાર્ટર ઉપર હાજર રહે તેવી સ્પષ્ટ સૂચના આપવાની રહેશે. ચૂંટણીની ફરજ સોંપવામાં આવી હોય તે શિક્ષકો હેડ ક્વાર્ટર પર હાજર રહે તેવી સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવવા સર્વે સંબંધિતોને જરૂરી સૂચનાઓ આપવા આથી જણાવવામાં આવે છે. આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે પણ જોવા વિનંતી છે.

3. વેકેશનના જેટલા સમય માટે શિક્ષક ચૂંટણીની ફરજને કારણે વેકેશન ભોગવી શક્યા ન હોય તેટલા સમય માટે સુધારેલ રજાના નિયમોના નિયમ-9ની જોગવાઈ મુજબની પ્રાપ્તરજાઓ મળવાપાત્ર થશે.

સહી, હારીત દવે

ઉપસચિવ, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 63. રજાના રોકડમાં રૂપાંતર સમયે ભોગવેલ રજા બાદ ન કરવા અંગે

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ક્રમાંક : અનદ-2/બમશ/પ/માધ્ય/ગોધરા
બ્લોક નં. 12, ડૉ. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 22-6-'95

પ્રતિ, જિલ્લા શિક્ષણાધિકારશ્રી (પંચમહાલ જિલ્લો) ગોધરા

***સંદર્ભ :*** *આપનો તા. 11-1-'95નો પત્રાંક : ક-4-264*

**વિષય :** નિવૃત્તિ સમયે જમા રહેતી રજાનું રોકડમાં રૂપાંતર કરવા બાબત

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે કે. કે. શેઠ હાઈસ્કૂલ, વેજલપુર, તા. કાલોલના નિવૃત્ત આચાર્યશ્રીને નિવૃત્તિના સમયે જમારજાનું રોકડમાં રૂપાંતર કરવા સંબંધે ગુજરાત માધ્યમિક શિક્ષણ નિયમો 1974ના નિયમ-30(4)ખ, અને શિક્ષણ વિભાગના ઠરાવ : એલવીઈ/1090-(ડી.30)-5. તા. 26-3-'91 *(નં.49)*ના પેરા નં. 2 પ્રમાણે નિવૃત્તિના સમયે જમા રહેતી રજાનું રોકડમાં રૂપાંતર કરવાની (240 દિવસની મર્યાદામાં) જોગવાઈનો લાભ આપેલ છે. સેવા દરમિયાન ભોગવેલ રજા બાદ કરવાની થતી નથી. આથી આ પ્રમાણેની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સહી, પુ. વી. પટેલ
સંયુક્ત શિક્ષણ નિયામક, ગાંધીનગર

❋ ❋ ❋

## 64. બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકોની તા. 5-9-'94ના આંદોલનની ખાસ રજા મંજૂર કરવા અંગે

શિક્ષણ વિભાગ, પ્ર. ક. : બમશ-1385-821-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 16-8-'95

**યાદી :**

ઉચ્ચતર પગારધોરણની યોજનાના વિરોધમાં બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકોની તા. 5-9-'94થી તા. 7-9-'94 સુધીની ગેરહાજરીના સમયને 'ખાસ રજા' ગણવા ઉચ્ચતર શિક્ષણ કમિશનરશ્રીના તા. 3-4-'95ના પત્રક્રમાંક : વ-3-ઘ-મા-શિ. સંઘ-93650થી કરવામાં આવેલ દરખાસ્ત ઉપર સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરી છે. આ પુખ્ત વિચારણાને અંતે આ શિક્ષકોની તા. 5-9-'94થી તા. 7-9-'94 સુધીની શાળામાંની ગેરહાજરીને 'ખાસ રજા' તરીકે ગણવા ખાસ કિસ્સા તરીકે મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, આઈ. એમ. કુરેશી
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 65. ચૂંટણીની કામગીરીની વળતરરજાઓ અંગે

જિલ્લા શિક્ષણાધિકારી-મહેસાણા જિ., જા. નં. : ક-2 (અ) ચૂંટણી રજા
પાટણ, તા. 11-4-'96

પ્રતિ,
આચાર્યશ્રી,
જિલ્લાની તમામ બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

**વિષય : ચૂંટણીની કામગીરીની વળતરરજાઓ અંગે**

***સંદર્ભ :*** *(1) સરકારશ્રીનો શિક્ષણવિભાગનો પરિપત્રક્રમાંક : પરચ/1095/558 વ. ર. તા. 22-5-'95 (નં.62)*

*(2) આ કચેરીનો પરિપત્ર નં. 51/ક્રમાંક : ક-2-અ/20968-521418, તા. 7-6-'95*

જયાભારત સાથે ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વેકેશનના જેટલા સમય માટે શિક્ષક ચૂંટણીની ફરજને કારણે વેકેશન ભોગવી શક્યા ન હોય તેટલા સમય માટે સુધારેલ રજાના નિયમોના નિયમ-9ની જોગવાઈ મુજબની પ્રાપ્તરજાઓ મળવાપાત્ર થાય.

મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ તરફથી રજાના નિયમોના નિયમ-9ની જોગવાઈનું ઉદાહરણ સાથે પરિપત્ર કરવા વિનંતી કરતા આ બાબતે નીચે મુજબ ઉદાહરણસ્વરૂપે સ્પષ્ટતા આપવામાં આવે છે :

દા.ત.

$$\frac{\text{વેકેશનમાં ભોગવી ન શક્યા હોય તેટલા દિવસો} \times 30 \text{ પ્રાપ્તરજા}}{\text{વેકેશન (બોર્ડે નિયત કરેલા દિવસો)}} = \text{મળવાપાત્ર વળતર રજાઓ}$$

દા.ત.

$$\frac{20 \times 30}{60} = \text{મળવાપાત્ર વળતર રજા - ૧૦}$$

આ રજાઓ ભોગવી શકાશે પરંતુ નિવૃત્તિસમયે રોકડમાં રૂપાંતર કરી શકાશે નહિ જેની સ્પષ્ટ નોંધ લેશો.

સહી, સત્તાધિકારી

જિલ્લા શિક્ષણ અધિકારી-મહેસાણા જિલ્લો, પાટણ

❋ ❋ ❋

## 66. 1995ની હડતાલ સમયની ગેરહાજરી વિનિયમિત કરવા અંગે

શિક્ષણ વિભાગ, ક્રમાંક : બમશ-1391/3638-ગ

સચિવાલય, ગાંધીનગર, તા. 30-7-'96

પ્રતિ,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર,

**વિષય :** ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળની રજૂઆત : હડતાલ સમય દરમિયાનની ગેરહાજરી વિનિયમિત કરવા બાબત

ઉપરોક્ત વિષય પરત્વે ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ તરફથી તા. 20-11-'95થી તા. 4-12-'95 (15 દિવસ) સુધીની હડતાલ સમય દરમિયાનનો પગાર મળવા બાબતે સરકારશ્રીમાં રજૂઆત કરેલ હતી. પ્રસ્તુત હડતાલના સમયગાળાને ખાસ કિસ્સામાં જમારજાઓ સામે ગણીને મંજૂર કરવાની અને જેમની પાસે રજાઓ ન હોય તેમની પાસે જ્યારે રજાઓ જમા થાય તેની સામે મંજૂર કરવાની આથી સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

2. આ પત્ર આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગના તા. 30-7-'96ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવેલ છે.

સહી, આર. એન. તડવી

સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 67. બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકોની હડતાલ દરમિયાનની ગેરહાજરીને ખાસ રજાઓ તરીકે મંજૂર કરવા અંગે

શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-1397-સીએમ-630-ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. 10-7-'97

**વંચાણે લીધા :** *(1) શિક્ષણ વિભાગનો પત્રક્રમાંક : બમશ-1396-3638-ગ, તા. 30-7-'96.* (નં.66)

*(2) ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનો તા. 15-5-'97નો પત્ર.*

**ઠરાવ :** આમુખમાં ક્રમાંક : (1) આગળ દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. 30-7-'96ના પત્રથી રાજ્યના બિનસરકારી માધ્યમિક શાળાના શિક્ષકોની તા. 20-11-'95 થી તા. 4-12-'95 સુધીના 15 દિવસની હડતાલના

સમયની ગેરહાજરીને તેમના ખાતે જમારજાઓના સામે નિયમિત કરી આપવાના હુકમો કરવામાં આવેલ હતા. પરંતુ આ બાબતમાં ગુજરાત રાજ્ય શિક્ષક સંઘ મહામંડળ તરફથી હડતાલના સમયગાળાને ખાસ રજાઓ તરીકે મંજૂર કરવા સરકારશ્રીમાં પુનઃ રજૂઆત કરવામાં આવેલ હતી. પ્રસ્તુત બાબત કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકારે બિનસરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોની તા. 20-11-'95 થી તા. 4-12-'95 દરમિયાનની કુલ 15 દિવસો સુધી ચાલેલી હડતાલના સમયગાળાની ગેરહાજરીને ખાસ કિસ્સા તરીકે ખાસ રજાઓ (Special Leave) તરીકે મંજૂર કરવાનું આથી ઠરાવેલ છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. 7-7-'97ની નોંધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, બી. ડી. નાયક
નાયબ સચિવ, શિક્ષણ વિભાગ

* * *

## 68. Enhancement of Quantum of Maternity Leave and to allow Paternity Leave

Government of Gujarat, F.D. Res. No. : PGR-1098-17-M,
Sachivalaya, Gandhinagar, Dt. 8-2-'98

**Read** : *(1) Government of India, Ministry of Personnel, P.G. & Pensions Office*

**RESOLUTION**

On the basis of Government of India's order referred to above, Government is pleased to issue the following modifications in the existing Rules :

(i) The existing ceiling of 90 days Maternity Leave provided in Rule 771 of Bombay Civil Service Rules shall be enhanced to 135 days.

(ii) A Male government servant (including an apprentice) with less than two surviving children may be granted paternity leave for a period of 15 days during the confinement of his wife. During the period of such leave, he shall be paid Leave Salary equal to the pay drawn immediately before proceeding on Leave Paternity Leave shall not be debited against the leave account and may be combined with any other kind of leave (as in the case of Maternity Leave). It may not normally be refused under any circumstances.

2. These orders take effect from the date of issue.

3. In the light of paragraph 2 above, a female Government Servant in whose case the period of 90 days of Maternity Leave has not expired on the said date shall also be entitled to the Maternity Leave of 135 days. Similarly, Paternity Leave to male Government employees may also be allowed in case his wife had given birth to the child on a date not prior to 135 days from the date of issue of this order.

4. Necessary amendment to the Revised Leave Rules, 1935 will be issued hereafter.

By order and in the name of the Governor of Gujarat,

Sd/- A. B. Pathan
Officer, F.D.

* * *

## 69. બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓનો હડતાલનો સમય નિયમિત કરવા અંગે

ઉચ્ચ વિભાગ કમિશનરની કચેરી, નં. : વ-3-5-હડતાલ-98-99/7373-97
બ્લોક 12, ડૉ. જી. મ. ભવન, ગાંધીનગર, તા. 30-7-'98

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

વિષય : બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓનો હડતાલનો સમય નિયમિત કરવા બાબત.

*સંદર્ભ : શિક્ષણ વિભાગનો પત્ર નંબર : બમશ-1398-ઈએમ-50-ગ, તા. 26-7-'98.*

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભમાં દર્શાવેલ શિક્ષણ વિભાગના પત્ર તા. 26-7-'98 મુજબ ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા તેમની કેટલીક માંગણીઓના નિરાકરણ માટે બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓ તા. 18-6-'98 થી હડતાલ ઉપર ગયા હતા અને આ હડતાલ તા. 29-6-'98 સુધી (12 દિવસ) ચાલેલ હતી. આ હડતાળ સમય દરમિયાનનો પગાર ચૂકવવા સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવેલ હતી. આ બાબતના "No work No pay" ના સિદ્ધાંતને ધ્યાનમાં લઈને જરૂરી વિચારણા કર્યા બાદ તા. 18મી જૂનથી 29મી જૂન, 1998 સુધી હડતાલ ચાલી છે તેમાં કામના દિવસો માટે ગેરહાજર આચાર્ય, શિક્ષકો, કર્મચારીઓની રજામાંગણી મળે મંજૂર કરવી. આ રજા હક્કરજા, અર્ધપગારી રજા, કોમ્યુટેડ રજા, કેજ્યુઅલ રજા – જે માગે તે મળવાપાત્ર હોય તો અરજી આવ્યેથી મંજૂર કરવી.

2. ઉપરોક્ત પારા-1માં દર્શાવ્યા મુજબની કાર્યવાહી કરવા તમામ સંબંધિત કે સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવી.

સહી, સત્તાધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનર, ગાંધીનગર

❋ ❋ ❋

## 70. વેકેશનમાં પરીક્ષાની કામગીરી સબબ હક્કરજા આપવા અંગે

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મશબ/31770/71
સેક્ટર10 બી, સચિવાલય પાસે. ગાંધીનગર, તા. 24-9-'98

પ્રતિ,
શ્રી કેશુભાઈ આઈ. પટેલ (પ્રમુખ)
ભાવનગર.

***સંદર્ભ*** *: આપના તા. 4-9-'98ના પત્ર અન્વયે*

વિષય : (1) વેકેશનમાં પરીક્ષાની કામગીરી સબબ હક્કરજા આપવા બાબત.
(2) કોર્પોરેશન શહેરોમાં પોતાની શાળા સિવાય બહારની કામગીરી સોંપવામાં આવે ત્યારે સ્થાનિક ભથ્થું ચૂકવવા બાબત.

જયભારત સહ ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષકોએ માધ્યમિક શિક્ષણ વિનિયમોની કલમ-30(7)(ક) મુજબ વેકેશનમાં જેટલા દિવસ કામ કર્યું હોય તેટલા દિવસ પરંતુ વધુમાં વધુ 30 દિવસની હક્કરજા શૈક્ષણિક સ્ટાફને મળવાપાત્ર છે. તેથી રજા અંગે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

વાહનભથ્થું કર્મચારીને મળતું હોવાથી વાહન એલાઉન્સ મળે છે. તેથી ફરીથી વાહનભથ્થું મળવાને પાત્ર થતું નથી. વધારાનું વાહનભથ્થું હવે આપવાનું થશે નહિ.

સહી, પરીક્ષા સચિવ વતી
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

❋ ❋ ❋

## 71. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ 30(6)(એ)માં સુધારા અર્થે મહિલાકર્મચારીને પ્રસૂતિની રજા અને પુરુષકર્મચારીને પિતૃત્વની રજા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ-1198-2309-પાર્ટ-2-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 8-3-'99

**વંચાણે લીધા :** *(1) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : મશબ-1082-22522-છ, તા. 6-2-'88. (નં. 37)*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીજીઆર-1098-17-મ, તા. 8-2-'98. (નં.68)*

**આમુખ :**

રાજ્યની બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં મહિલાકર્મચારીઓની પ્રસૂતિરજાઓ અંગેની જોગવાઇ ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974 હેઠળ કરવામાં આવેલ છે. ઉપર સંદર્ભક્રમાંક (2)માં દર્શાવેલ નાણાં વિભાગના તા. 8-2-'98ના ઠરાવથી સરકારી મહિલાકર્મચારીઓને 135 દિવસની પ્રસૂતિની રજા અને પુરુષકર્મચારીઓને 15 દિવસની પિતૃત્વની રજા આપવાના હુકમો કરવામાં આવ્યા છે. તદ્અનુસાર ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ-30(6)(એ)માં તેને અનુરૂપ સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ 30(6)(એ)માં નીચે મુજબનો સુધારો કરવાનું આથી સરકાર ઠરાવે છે :

**ઠરાવ :** ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ-30(6)(એ) જે મહિલાકર્મચારીએ એક વર્ષ કરતાં વધારે નોકરી કરી હોય અને જેને એક કરતાં વધારે બાળકો હયાત ન હોય તેવાં મહિલાકર્મચારીને 135 દિવસની પ્રસૂતિની રજા તેમ જ પુરુષકર્મચારીને કે જેને બે કરતાં ઓછાં બાળકો હયાત હોય તેને પત્નીની દેખભાળ માટે 15 દિવસની પિતૃત્વની રજા મંજૂર કરી શકાશે.

2. આ હુકમોના વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. 8-3-'99ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મહેશભાઇ શાહ
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

❋ ❋ ❋

## 72. રાજ્યની તમામ શાળાઓના શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્તરજા તથા અર્ધપગારી-રજાનું નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવા દેવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : એલવીઇ-1098-1024-5
સચિવાલય, ગાંધીનગર, તા. 16-7-'99

**વંચાણે લીધા :** *(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : એલવીઇ-1090-(ડી-30)-5, તા. 26-3-'91. (પરિપત્ર નં. 99)*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીજીઆર-1098-20-એમ, તા. 19-2-'98.*

**ઠરાવ :** આમુખના ક્રમાંક-1 થી દર્શાવેલ નાણાં વિભાગના ઠરાવથી રાજ્યની સરકારી, બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા જિલ્લાપંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યોના ખાતે જમા પ્રાપ્તરજા તથા અર્ધપગારી-રજાઓનું તેમની નિવૃત્તિ સમયે બન્ને મળીને કુલ 240 દિવસનું રોકડમાં રૂપાંતર કરવા દેવા માટેની જોગવાઇ કરવામાં આવી છે તેમાં અંશતઃ સુધારો કરીને આ પ્રાપ્તરજા તથા જમા રહેલી અર્ધપગારી-રજાના અડધા ભાગની રજા — એમ બન્ને મળી કુલ 300 (ત્રણસો દિવસ પૂરા) દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનું આથી ઠરાવવામાં આવે છે.

2. આ ઠરાવનો લાભ આમુખમાં ક્રમાંક-1માં દર્શાવેલ કિસ્સાઓમાં મળી શકશે તથા ક્રમાંક-1 અને ક્રમાંક-2 આગળ દર્શાવેલ ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત્ લાગુ પડશે.

3. આ ઠરાવનો અમલ તા. 1-7-'97 થી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એલ. એમ. ઓઝા
ઉપસચિવ, નાણાં વિભાગ

❋ ❋ ❋

## 73. ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ-30(6)(એ) અન્વયે મહિલાકર્મચારીઓની પ્રસૂતિની રજા અને પુરુષકર્મચારીઓને પિતૃત્વની રજા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સુધારા ઠરાવક્રમાંક : બમશ-1198-2309(1)-પાર્ટ-2-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 30-7-'99

**સુધારો :**

આ વિભાગના ઉપરોક્ત વિષયના તા. 8-3-'99ના ઠરાવક્રમાંક : બમશ-1198-2309 *(નં.71)* પાર્ટ-2-ગ,માં ફકરો-2 પૂરો થવા બાદ તેમાં નીચે દર્શાવ્યા મુજબનો ફકરો ક્રમાંક-3 સરતચૂકથી રહી ગયેલ છે તે આથી ઉમેરવામાં આવે છે. માટે તે મુજબ વાંચવું.

3. આ ઠરાવનો અમલ તા. 8-2-'98 થી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મહેશભાઈ શાહ
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *

## 74. અનુદાન મેળવતી સંસ્થાઓના શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓની અસાધારણ રજા મંજૂર કરવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : ડીપીપી-1099-496-946(5)-સી,
સચિવાલય, ગાંધીનગર, તા. 19-6-2000

*વંચાણે લીધા : (1) સુધારેલ પેન્શનના નિયમો, 1950નો નિયમ-41(1)*
*(2) નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : પીઈએન-1066-યુઓ-2631-જે, તા. 30-4-'70.*
*(3) નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : એનવીએન-1078-2715-પી, તા. 28-11-'78.*

**પરિપત્ર :** સુધારેલ પેન્શનના નિયમોના નિયમ-41(1)માં જોગવાઈ કર્યા પ્રમાણે તા. 1-4-'66 અને ત્યાર પછી નિવૃત્ત થતા કર્મચારીઓની પેન્શનપાત્ર નોકરીમાં ૩૬ માસ સુધીની અસાધારણ રજા સહિતની બધી જ રજાઓનો સમાવેશ થાય છે. અસાધારણ રજાને પેન્શનપાત્ર નોકરી તરીકે ગણવાના આ લાભના આધારે, આ લાભ સરકારની નાણાંકીય આવર્તક જવાબદારીમાં પરિણમતો હોઈ સરકારે આ લાભ ફક્ત અનિવાર્ય સંજોગોમાં જ આપવામાં આવે તે માટે ઉપરોક્ત વંચાણમાં લીધેલા તા. 30-4-'70ના ઠરાવથી અને તા. 28-11-'78ના પરિપત્ર દ્વારા એવી જોગવાઈ કરી છે કે દરેક કર્મચારીના કિસ્સામાં એકી સાથે નવ માસથી વધારે સમયગાળાને આવરી લેતી અસાધારણ રજા મંજૂર કરવાની સત્તા જે-તે કર્મચારીના નિમણૂકકર્તા સત્તાધિકારીના હસ્તક નહિ પરંતુ સરકારના નાણાં વિભાગને હસ્તક રહે છે.

2. સરકારી કર્મચારીઓને પેન્શન બાબતની લાગુ પડતી જોગવાઈઓ અનુદાન મેળવતી માધ્યમિક શાળા, ઉચ્ચતર માધ્યમિક શાળા, કોલેજ, યુનિવર્સિટીઓ વગેરેના શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને લાગુ પાડવામાં આવી છે. આ સંજોગોમાં ઉપર ફકરા-1માં દર્શાવ્યા પ્રમાણે સરકારી અધિકારીઓ, કર્મચારીઓની સળંગ નવ માસથી વધુ સમયની અસાધારણ રજાઓ મંજૂર કરવાની સત્તા ફક્ત નાણાં વિભાગ હસ્તક હોઈ, શિક્ષણ વિભાગ હસ્તકની સરકારી અનુદાન મેળવતી શૈક્ષણિક, બિનશૈક્ષણિક સંસ્થાઓ, ઉપરાંત સરકારશ્રીના અન્ય વિભાગો હસ્તકની તમામ અનુદાન મેળવતી સંસ્થાઓના અધિકારીઓ, કર્મચારીઓ કે જેઓ સરકારમાંથી પેન્શન મેળવવાપાત્ર છે અને તેઓની નવ માસ કે તેથી વધારે સમયની અસાધારણ રજાઓ મંજૂર કરવાની દરખાસ્તો માટે નાણાં વિભાગની મંજૂરી મેળવવી અનિવાર્ય છે. તેમ છતાં સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે, અનુદાનિત સંસ્થાઓના અધિકારીઓ, કર્મચારીઓની અસાધારણ રજાઓની મંજૂરી માટે વહીવટી વિભાગની કે નાણાં વિભાગની મંજૂરી મેળવવામાં આવતી નથી. આ બાબત ઘણી ગંભીર ગણાય.

આથી સરકારશ્રી કાળજીપૂર્વકની વિચારણાને અંતે એવું ઠરાવે છે કે સરકારી અનુદાન મેળવતી

સરકારશ્રીના જુદા જુદા વિભાગો હસ્તકની અનુદાન મેળવતી સંસ્થાઓના અધિકારીઓ, કર્મચારીઓની નવ માસ કે તેથી વધુ સમયની અસાધારણ રજાઓ મંજૂર કરવાની દરખાસ્તો સબંધકર્તા સંસ્થાઓ દ્વારા મેળવીને વહીવટી વિભાગ મારફતે નાણા વિભાગની મંજૂરી માટે મોકલવામાં આવે.

3. પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકે જે કર્મચારીઓના કિસ્સાઓમાં નવ માસ કરતાં વધુ સમય માટે સરકારના જે-તે વહીવટી વિભાગની મંજૂરી મેળવવામાં ન આવી હોય તેવા કિસ્સાઓમાં મંજૂરી મેળવવામા ન આવેલ નવ માસ કરતાં વધારે સમયનો સમયગાળો પેન્શનપાત્ર નોકરીમાંથી કપાત કરી બાકી રહેતી પેન્શનપાત્ર નોકરીના આધારે નિવૃત્તિના લાભો મંજૂર કરવાના રહેશે.

4. આ સૂચનાઓનો ચુસ્તપણે અમલ થાય તેની સંપૂર્ણ તકેદારી રાખવા તથા આ સૂચનાઓ તમામ સંસ્થાઓના ધ્યાને લાવવા સર્વે વહીવટી વિભાગોને વિનંતી કરવામાં આવે છે.

સહી, શામજી પટેલ

સરકારના સંયુક્ત સચિવ, નાણાં વિભાગ

❊ ❊ ❊

## 75. વસતીગણતરીમાં ફરજ બજાવતા બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને હક્કરજા જમા આપવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ/13/2000-752-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 26-7-2000

*વંચાણે લીધા : (1) ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974.*
*(2) શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ/1199/741(3)-ગ, તા. 2-7-'99.*
*(3) ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનો તા. 18-4-2000નો પત્ર.*

**ઠરાવ** : ઉપર સંદર્ભ (3)માં જણાવેલા ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના તા. 18-4-2000ના પત્રથી તા. 7-5-2000 થી તા. 25-5-2000 દરમિયાન યોજાયેલ વસતીગણતરીના કાર્યક્રમ અન્વયે માધ્યમિક શિક્ષકોને વસ્તીગણતરીની કામગીરી સોંપવામાં આવેલ હોઈ તેઓને તે કામગીરી બજાવે તેટલા દિવસની હક્કરજા આપવા રજૂઆત કરવામાં આવેલ હતી. આ બાબતમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ 30(7)(ક) માધ્યમિક શાળાના શિક્ષકોને વેકેશનમાં કામ કરવાની ફરજ પાડવામાં આવે તેટલા દિવસની હક્કરજા વધુમાં વધુ 30 દિવસ સુધી મળવાપાત્ર છે. તે ધ્યાનમાં લઈ બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકોને વેકેશન દરમિયાન વસ્તીગણતરીની કામગીરી સોંપાયેલ હોઈ તેવા શિક્ષકોને ખાતે તેઓએ નહિ ભોગવેલ વેકેશનગાળા જેટલા દિવસની તા. 7-5-2000 થી તા. 25-5-2000 સુધીની દિવસ 19ની પરંતુ વધુમાં વધુ તેઓએ જેટલા દિવસ વસ્તીગણતરીની કામગીરી કરી હોય તેની ખાતરી કરીને તેટલા દિવસની હક્કરજાઓ ખાસ કિસ્સા તરીકે તેઓના ખાતે જમા કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે. તેવી જ રીતે ઉપર સંદર્ભ (2)માં જણાવેલ આ વિભાગના તા. 2-7-'99ના ઠરાવથી શિક્ષણસહાયકયોજના અમલમાં મૂકેલ છે. એટલે શિક્ષણસહાયકોને તેઓને જેટલા દિવસની વસ્તીગણતરીની કામગીરી બજાવેલ હોય તેની ખાતરી કરીને તેટલા દિવસની ''વળતરરજાઓ'' ખાસ કિસ્સામાં જમા આપવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. 19-6-2000ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મહેશભાઈ શાહ

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

❊ ❊ ❊

## 76. રજા મંજૂર કરવાની સત્તાસોંપણીની કાર્યપદ્ધતિના અમલ અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, પરિપત્રક્રમાંક : રજઅ-2000-3946-પી,
સચિવાલય, ગાંધીનગર, તા. 10-10-2000

*વંચાણમાં લીધા :* (1) *નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : આરબીએસ-1064-192-(જે-ર), તા. 8-6-'66.*
(2) *નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : રજઅ-2187-2129-પી, તા. 21-6-'88.*
(3) *નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : નવત-1291-511-પી, તા. 21-4-'92.*
(4) *નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીઈએ-1066-યુઓ-2631-જે, તા. 30-4-'70.*
(5) *નાણાં વિભાગનો પરિપત્રક્રમાંક : રજઅ-1096-1191-5, તા. 7-8-'97.*

**પ રિ પ ત્ર :**

નાણાં વિભાગના આમુખમાં દર્શાવેલ વિવિધ ઠરાવો / પરિપત્રથી ખાસ અશક્તતા-રજાઓ સિવાયની રજાઓ મંજૂર કરવાની સત્તાસોંપણી કરવામાં આવેલ છે. તા. 7-8-'97ના પરિપત્રથી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે કે સરકારશ્રીએ નિયત કરેલ સત્તામર્યાદાથી રજાઓ વધતી હોય તેવા સંજોગોમાં વિભાગે મંજૂર કરેલ રજાઓની મંજૂરીના હુકમો રદ કરીને નાણાં વિભાગ સમક્ષ સંયુક્ત દરખાસ્ત કરવાની રહેશે.

2. આ બાબતે સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે કેટલાક વહીવટી વિભાગો તરફથી રજામંજૂરીની સત્તાઓના અમલ બાબતે તેમ જ રજામંજૂરીની દરખાસ્તો રજૂ કરતી વખતે ઉપર્યુક્ત સૂચનાઓ પરત્વે પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. તેમ જ તે મુજબની કાર્યપદ્ધતિ અપનાવવામાં આવતી નથી. પરિણામે નાણાં વિભાગ સમક્ષ રજામંજૂરીની દરખાસ્તોનું પ્રમાણ સતત વધતું રહેવા પામ્યું છે.

આથી સરકારશ્રી હવે પછી વિભાગ, ખાતા, કચેરીના વડાની હાલની રજામંજૂરીની સત્તામર્યાદામાં વધારો કરી નીચે દર્શાવ્યા પ્રમાણેની કાર્યપદ્ધતિ અનુસરવાનું ઠરાવે છે :

(1) ખાસ અશક્તતા રજા, હૉસ્પિટલ રજાની નાણાં વિભાગ પાસે જ મંજૂરી મેળવવાની રહેશે.

(2) પ્રાપ્તરજા, અર્ધપગારી રજા, રૂપાંતરિત રજાઓ, બધી મળીને કુલ 240 દિવસની સત્તામર્યાદા સુધી વિભાગ, ખાતા, કચેરીના વડા મંજૂર કરી શકશે.

(3) અસાધારણ રજાઓ 160 દિવસ સુધીની વિભાગ, ખાતા, કચેરીના વડા મંજૂર કરી શકશે.

(4) જ્યારે ઉપરના ક્રમ (2) અને (3) હેઠળની રજાઓની સંયુક્ત રીતે મંજૂર કરવાની વિચારણા કરવાની હોય ત્યારે જો કુલ રજાઓ 400 (ચારસો) થી વધતી હોય ત્યારે નાણાં વિભાગની મંજૂરી મેળવવાની રહેશે.

સરકારશ્રીએ નિયત કરેલ સત્તામર્યાદાથી રજાઓ વધતી હોય તેવા સંજોગોમાં વિભાગ, ખાતા / કચેરીના વડાએ મંજૂર કરેલ રજાઓની મંજૂરીના હુકમો રદ કરીને નાણાં વિભાગ સમક્ષ સંયુક્ત દરખાસ્ત કરવાની રહેશે. વધુમાં આમુખમાં દર્શાવેલ ઠરાવો/પરિપત્રની અન્ય જોગવાઈઓ પણ અમલમાં રહે છે. આ સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવાની તમામ વહીવટી વિભાગોની જવાબદારી રહેશે. આ અંગે તમામ વહીવટી વિભાગનું તેમના નિયંત્રણ હેઠળ ખાતાંઓ/કચેરીઓના વડાઓનું પણ ધ્યાન દોરવા આથી અનુરોધ કરવામાં આવે છે.

આ હુકમોનો અમલ પરિપત્ર પ્રસિદ્ધ થયાની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, શામજી પટેલ
સંયુક્ત સચિવ, નાણાં વિભાગ

*નોંધ : નાણાં વિભાગના ડીપીપી-1099-496-946(5)સી તા. 19-6-2000ના સંદર્ભમાં છાપેલ છે.*

* * *

## 77. બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને હક્કરજા જમા આપવા અંગે

પરિપત્ર નં. 64/2000-01, સીટી સેન્સસ ખાતું,
અમદાવાદ મહાનગરપાલિકા, અમદાવાદ, તા. 7-12-2000

પ્રતિ,

**વિષય : બિનસરકારી માધ્યમિક શાળાના કર્મચારીઓને હક્કરજા જમા આપવા બાબત.**

*સંદર્ભ : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો ઠરાવક્રમાંક : બમશ-132000-752-ગ, તા. 26-7-2000*

આથી ગુજરાત રાજ્યની સર્વે માધ્યમિક શાળાઓના ટ્રસ્ટીઓ, સંચાલકો તથા આચાર્યશ્રીઓને જણાવવાનું કે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના તા. 18-4-2000ના પત્રથી તા. 7-5-2000થી તા. 25-5-2000 દરમિયાન યોજાયેલ વસ્તીગણતરીના કાર્યક્રમ અન્વયે માધ્યમક શિક્ષકોને વસ્તીગણતરીની કામગીરી સોંપવામાં આવેલ હોઈ તેઓને તે કામગીરી બજાવે તેટલા દિવસની હક્કરજા આપવા સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવામાં આવેલ હતી. આ બાબતમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો 1974ના વિનિયમ 30 (7)(ક)માં માધ્યમિક શાળાઓના શિક્ષકોને વેકેશનમાં કામ કરવાની ફરજ પાડવામાં આવે તેટલા દિવસની હક્કરજા વધુમાં વધુ 30 દિવસની મળવાપાત્ર છે. તે ધ્યાનમાં લઈ બિનસરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકોને વેકેશન ગાળા જેટલા દિવસની તા. 7-5-2000થી તા. 25-5-2000 સુધીની દિવસ-19ની પરંતુ વધુમાં વધુ તેઓએ જેટલા દિવસ વસ્તીગણતરીની કામગીરી કરી હોય તેની ખાતરી કરીને તેટલા દિવસની હક્કરજાઓ ખાસ કિસ્સા તરીકે તેઓના ખાતે જમા કરવાની સરકારશ્રીએ ઉપરોક્ત સંદર્ભમાં જણાવેલ તા. 26-7-2000ના ઠરાવથી મંજૂરી આપેલ છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : બશમ-11999-741 (3)-ગ, તા. 2-7-'99થી શિક્ષણસહાયક યોજના અમલમાં મૂકેલ હોઈ શિક્ષણસહાયકોને તેઓએ જેટલા દિવસની વસ્તીગણતરીની કામગીરી બજાવેલ હોય તેની ખાતરી કરીને તેટલા દિવસની ''વળતર-રજાઓ'' ખાસ કિસ્સામાં જમા આપવાની પણ સરકારીશ્રીએ ઉપરોક્ત ઠરાવથી મંજૂરી આપેલ છે.

ઉપરોક્ત પરિપત્રની સૂચનાઓ ધ્યાને લઈ આનો ચુસ્તપણે અમલ કરવા સંબંધકર્તા સર્વેને આથી જણાવવામાં આવે છે. આપના વિભાગના પ્રથમ તબક્કાની વસ્તીગણતરીમાં રોકાયેલ શિક્ષક/કર્મચારીનું લિસ્ટ આ સાથે સામેલ છે.

સહી, સત્તાધિકારી

સીટી સેન્સસ ઓફિસર, અમદાવાદ

❀ ❀ ❀

## 78. પ્રાથમિક શાળાના સ્ત્રી-વિદ્યાસહાયકને પ્રસૂતિરજા આપવા અંગે

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી નં. : 29/પનસ/1/વિદ્યાસહાયક/2000/છ/23261-316
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક 12, ગાંધીનગર, તા. 22-12-2000

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ (તમામ)
શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ (તમામ)

વિષય : પ્રાથમિક શાળાના સ્ત્રી-વિદ્યાસહાયકને પ્રસૂતિરજા આપવા બાબત.

*સંદર્ભ : (1) શિક્ષણ વિભાગનો પત્ર નં. : પીઆરઈ-1199-ઈએમ-1073-ક, તા. 16-9-2000.*

ઉપરોક્ત વિષય પરત્વેના અનુસંધાને જણાવવાનું કે વિદ્યાસહાયક-યોજનામાં મહિલા વિદ્યાસહાયકને પ્રસૂતિ માટે બિનપગારી રજા મંજૂર કરવાની જોગવાઈ ન હોવાથી હાલ આવી રજાઓ

મંજૂર કરવામાં આવતી નથી. બિનપગારી રજાઓ મંજૂર કરવાના કારણે કોઇ નાણાંકીય જવાબદારી ઊભી થતી ન હોવાથી સ્ત્રી-વિદ્યાસહાયકને પ્રસૂતિના કારણસર મેડિકલ રિપોર્ટના આધારે બે માસની બિનપગારી રજાઓ મંજૂર કરવા અંગેની સૂચના શિક્ષણ વિભાગના સંદર્ભ હેઠળના પત્રથી આપવામાં આવી છે તે અનુલક્ષીને હવે પછી સ્ત્રી-વિદ્યાસહાયકને પ્રસૂતિના કિસ્સામાં બે માસની બિનપગારી રજાઓ મંજૂર કરવા આથી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ/શાસનાધિકારીઓને જણાવવામાં આવે છે. આના કારણે તેમની સર્વિસમાં બ્રેક ગણાશે નહિ.

આ સૂચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

સહી, એમ. એ. પટેલ

નાયબ શિક્ષણ નિયામક, ગાંધીનગર

*નોંધ : આ પ્રકારની રજાઓ માધ્યમિક સ્ત્રી-શિક્ષણસહાયકને આપવા જી. આર. થાય તે ઇચ્છનીય છે. ખાનગી માધ્યમિક શાળાઓને માર્ગદર્શન માટે છાપેલ છે. — સંપાદક*

* * *

## 79. બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓ હડતાળના સમયનો પગાર નહિ કાપવા અંગે

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ક્રમાંક : બમશ/13200/804-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 1-5-2001

પ્રતિ,

કમિશનરશ્રી,

મધ્યાહ્‌ન ભોજન યોજના અને શાળાઓ

ગાંધીનગર, ગુજરાત રાજ્ય

વિષય : બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક કર્મચારીઓના હતાળના સમયનો પગાર નહિ કાપવા બાબત.

ઉપર્યુક્ત વિષય પરત્વેના આપના તા. 21-3-2001ના પત્રક્રમાંક : ઉમબ/ફાજલ/2000/2001ના સંદર્ભમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા અપાયેલ એલાન અન્વયે તા. 21-12-2000 થી તા. 23-12-2000 ત્રણ દિવસ સુધી હડતાળ ઉપર ગયા હતા. પ્રસ્તુત હડતાળ દરમ્યાનનો કર્મચારીઓનો પગાર કાપવાપાત્ર થાય છે, પરંતુ હાલ નહિ કાપવા વિચારેલ છે. તે સબબ હડતાળ ઉપર ગયેલા કર્મચારીઓનો પગાર હાલ નહિ કાપવા વિનંતી છે. આ અંગે આપના અભિપ્રાય સાથે દરખાસ્ત મોકલવા વિનંતી છે.

સહી, એસ. એસ. પારેખ

સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

* * *